**સુવિચાર**
મનદુઃખ પછી રિસાઈ જવું એટલે પોતે ઝેર ખાઈને આશા રાખવી કે, એની અસર બીજા ઉપર થાય !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૬/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૧૬૫

SINCE 1999
હરિૐ PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## એકાદ અઠવાડીયાનાં વિરામ બાદ મેઘાની પુનઃ પધરામણી

# અમરેલી જિલ્લામાં સતત ૨ દિવસથી રીમઝીમ વરસાદ

**સાવરકુંડલા, લીલીયા અને ધારીમાં એક, ખાંભા, જાફરાબાદમાં પોણો ઈંચ વરસાદ**

**અમરેલી, વડિયા, બગસરા, લાઠી સહિતનાં વિસ્તારમાં અવારનવાર ઝાપટા**

**સતત વરસાદથી તાપમાનમાં ઘટાડો થતાં સૌ કોઈમાં રાહતની લાગણી**

**જો કે આગામી કલાકોમાં પણ હળવાથી લઈને ભારે વરસાદની સંભાવના**



અમરેલી, તા.૨૩
અમરેલીજિલ્લામાંછેલ્લા ૨ દિવસમાંસતતરીમઝીમથીલઈનેએક ઈંચજેટલોવરસાદપડતાવાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને આગામી દિવસોમાં પણ વરસાદની સંભાવના જોવામળીરહીછે.

અમરેલીમાં ૫ મી.મી., લીલીયામાં ૨૧ મી.મી., લાઠીમાં ૩ મી.મી., બાબરામાં ૧૦ મી.મી., વડિયામાં ૮ મી.મી., બગસરામાં ૯ મી.મી., ખાંભામાં ૧૫ મી.મી., જાફરાબાદમાં ૧૭ મી.મી., રાજુલામાં ૧૨ મી.મી., સાવરકુંડલામાં ૨૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

**બાબરા**

બાબરામાં સવારથી ધીમી ધારેવરસાદપડીરહ્યોછે.ઝાપટાસ્વરૂપે પણબપરોબાદસમીસાંજેતોફાનીપવન સાથેજોરદારવરસાદપડતાઅડધોઈંચ વરસાદ પડયો હતો તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ જોરદાર વરસાદપડયોહતો.

## મોડી સાંજે અનેક વ્યકિતઓએ દ્રશ્ય નિહાળ્યુ

# અમરેલીનાં ચિતલ માર્ગ ઉપર સિંચાઈ વિભાગનાં ગેસ્ટ હાઉસ નજીક દીપડાએ દેખા દીધી

**રાત્રિનાં સમયે વોકિંગ કરવા જનારે સાવચેત રહેવું**

અમરેલી, તા. ૨૩
અમરેલીનાં ઠેબી જળાશય નજીકઆવેલનાયરાનાંપેટ્રોલપંપનજીક આવેલસિંચાઈવિભાગનાંગેસ્ટહાઉસ નજીકમોડીસાંજેદીપડાએદેખાદેતા

અનુસંધાન પાના ૬ ઉપર

## અગાસી ઉપર ક્રિકેટ રમતા હોય

# રાજુલાનાં વિસળીયા ગામે પ્લોટ વિસ્તારમાં શોર્ટ સરકીટથી બાળકનું મોત

**વરસાદનાં ભેજનાં કારણે શોર્ટ લાગ્યો**

અમરેલી, તા. ૨૩
રાજુલાતાલુકાનાવિસળીયા ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા રાકેશ બાબુભાઈ શિયાળ નામના ૭ વર્ષિય વિદ્યાર્થી ગત તા. ૨૨ના રોજ બપોરના ૧૨ વાગ્યે વિસળીયા ગામે એક બંધ મકાનનીઅગાસીઉપરબેટદડે (ક્રિકેટ) રમતાહતા.તેદરમ્યાનતેએકલોખંડના સળીયાનેઅડીજતાવરસાદતથાભેજના કારણે તેમને અચાનક ઈલેકટ્રીક શોક લાગતાતેમનુંમોતનિપજયાનુંપોલીસમાં જાહેરથવાપામેલછે.

## સરકાર ગમે તેવી સુવિધા શરૂ કરે પણ કર્મચારીઓ બેદરકાર રહે તો શું કામનું

# સાવરકુંડલાનાં હાડીડા ગામે બિનવારસી આખલો બીમાર પડતાં જાગૃત નાગરિકને સરકારી વિભાગનો કડવો અનુભવ

**ફરતી વાનમાં કોલ કરતાં ઉડાઉ જવાબ દેવાયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

વીજપડી, તા. ૨૩
એક તરફ સરકાર નિર્દોષ પશુઓનીસારવારમાટેનિઃશુલ્કવાહન અને કર્મચારીનીનિમણૂંક કરે અને તેનો પ્રચાર-પ્રસારપણસારીરીતેથાયપરંતુ ફરજ પરના કર્મચારી બેદરકારી દાખવે તો સરકારનો ઉમદા હેતુ હાંસિલ થતો નથી અને આવો એક બનાવ પ્રકાશમાં આવેલ છે.

સાવરકુંડલાનાંહાડીડાગામે બિનવારસી આખલો બીમાર પડતાં જાગૃત નાગરિક ભીખુભાઈ વરૂ ધ્વારા સરકારી ઈમરજન્સી સારવાર કેન્દ્રમાં મોબાઈલ ધ્વારા જાણ કરાતાં ફરજ પરના કર્મચારીએ જણાવેલ કે, ડોકટર હાજર નથી, રજા ઉપર છે અને પશુ દવાખાનેલઈજાવતેવોજવાબઆપેલ.

અનુસંધાન પાના ૬ ઉપર

## નાણાનાં અભાવે કંટાળીને અંતિમવાટ પકડી

# અમરેલીનાં રોકડીયાપરાનાં યુવકે કામધંધો ન મળતાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨૩
અમરેલીના રોકડિયાપરા વિસ્તારમાં આવેલ આંગણ વાડી પાસે રહેતા સંજય નાનજીભાઈ જરવલીયા ઘણા સમયથી કોઈ કામકાજ ધંધો કરતા ન હોય અને તેને કોઈ કામ ધંધો મળતો પણ ના હોય. જેથી કંટાળી જઈ પોતે પોતાની મેળે તા. ૨૧ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકના ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૩/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી.
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

લેડીઝ જોઈએ છે
રિસેપ્સનિસ્ટ-1
(કોમ્પ્યુટરના જાણકાર)
: રૂબરૂ મળવાનો સમય :
ૐ ફેમિલી ડેન્ટલ કેર

# વિસાવદરમાં "આપ"નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયાનો વિજય એ આમ આદમીનો વિજય

વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીમાં ગોપાલ ઈટાલિયાનો વિજય એ આમ આદમી મતલબ વિસાવદરના જનમાનસના ખમીરનો ખરો પરિચય આપે છે. એક મોટી સત્તાને લલકાર આપીને આમ જનતાના અવાજ બનવાના માધયમનો વિજય છે. આમ ગણો તો ગુજરાતના વિસાવદર વિધાનસભાના લોકોનો મિજાજ પણ ખરાં અર્થમાં કોઈની પણ શેહ શરમમાં આવ્યા વગર પોતાની વ્યથા અને વેદના વિધાનસભાના પટલ પર બુલંદ અવાજે રજૂ કરી શકે એવા નેતાને પ્રાથમિકતા આપતાં હોય તેવું પ્રતિપાદિત થાય છે. હવે વાત કરીએ કરીએ ગોપાલભાઈની તો...

૨૧જુલાઈ, ૧૯૮૯નારોજ જન્મેલા ગોપાલ ઈટાલિયાનું બાળપણ ભાવનગરના ઉમરાળાના ટીંબી ગામમાં વીત્યું છે. ગોપાલ ઈટાલિયા ટીંબીને જ પોતાનું ગામ ગણાવેછે. ચૂંટણીપંચ સમક્ષ ગોપાલ ઈટાલિયાએ કરેલી અફિડેવિટ પ્રમાણે તેમણે રાજનીતિ વિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવેલી છે. એ સિવાય તેમની પાસે એલ.એલ.બી.ની ડિગ્રી પણ છે અને તેઓ એલ.એલ.એમ.નું શિક્ષણ લઈ રહ્યા છે.

ગોપાલ ઈટાલિયાએ ગુજરાત પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરી હતી અને અમદાવાદના માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી હતી. ત્યારબાદ તેમણે રેવન્યૂ ડિપાર્ટમેન્ટમાં પણ કલાર્ક તરીકે નોકરી કરી હતી. જોકે, આ નોકરી દરમિયાન જ તેઓ 'પાટીદાર અનામત આંદોલન'માં સક્રિય થઈ ગયા હતા અને પછી તેમણે આ નોકરી પણ છોડી દીધી હતી. તેમણે પાટીદાર અનામત આંદોલનમાં હાર્દિક પટેલ સાથે 'સક્રિય' ભૂમિકા ભજવી હતી.

ત્યારબાદ તેમણે ગુજરાતમાં ઠેરઠેર 'કાયદા કથા'નું આયોજન કરીને લોકોને તેમના હક્ક અને અધિકારો અંગે જાગૃત કરવાનું કામ કર્યું હતું. આ કાર્યક્રમોથી તેમને ઘણી લોકપ્રિયતા હાંસલ થઈ હતી. આ કાર્યક્રમોને કારણે તેમની ગામડાંઓ અને નાનાં શહેરોના યુવાનોમાં એક અલગ ઓળખ ઊભી થઈ હતી.



ગોપાલ ઈટાલિયાના જીવન દરમિયાન સામનો કરેલ સંઘર્ષની કહાની અને એની લડાયક ખમીરની વાતો કરીએ તો, કલેકટર કચેરીની નોકરી હોય, પછી ધંધુકા તાલુકામાં ટ્રાન્સફર હોય કે નોકરી છોડયા પછીની પરિસ્થિતિ હોય. માધુપુરામાં પોલીસ લાઈનનું મકાન સરકારે ખાલી કરવાનું ફરમાન જાહેર કરી દેતા ઉભી થયેલી ચેલેન્જ હોય કે વિધાનસભામાં જુતું ફેંકવાની ઘટના

**પ્રસ્તુતિ : બિપીનભાઈ પાંધી**
**સાવરકુંડલા**

પછીનું દબાણ હોય અનેક આર્થિક પડકારો, સત્તાના દબાણો, ઘણી વખત એમના પર ગુજરેલ કથિત અત્યાચારની વાતો અને વ્યકિતગત આક્ષેપો, ખાસ કરીને તો વિસાવદરમાં તો તેની અગ્નિ પરીક્ષા જ થઈ કારણ કે સત્તાધારી પક્ષ અને વિપક્ષના ધુરંધરોની ચૂંટણી ચોપાટના વ્યૂહ રચનાના મહારથીઓ, ચાણકયોની વચ્ચે એ પળની અપડેટ લઈને લોકોનો વિસ સંપાદન કરવો એ પણ એક ચક્રવ્યૂહ ભેદવા જેટલું જ કપરૂં કામ હતું.

'ગોપાલ ઈટાલિયા લડાયક તો છે જ, પરંતુ તેઓ જે કામ હાથમાં લે તેને પાર પાડવાની નિષ્ઠાપૂર્વક કોશિષ કરે છે.'

'કતારગામમાં પોતે ભલે હારી ગયા પરંતુ કતારગામ હોય કે વિસાવદર બંને વખતે તેમણે પુષ્કળ મહેનત કરી છે. વિસાવદરમાં તો ભાજપ અને કાંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા તે પહેલાં તેઓ વિસાવદરનાં તમામ ગામડાં ખૂંદી વળ્યા હતા.' તેમણે જે રીતે ફાઈટ આપી છે એ નાની વાત નથી, અને ખાસ કરીને ભાજપ જેવા પક્ષ સામે તો આ બહુ મોટો સંઘર્ષ કર્યા બરાબર છે.

ગોપાલ ઈટાલિયાએ હાર થાય કે જીત એ પછી વિસાવદરમાં જ રહેવાની જાહેરાત કરી હતી.

'ગોપાલ ઈટાલિયાએ મતદાન પૂર્ણ થયા પછી ગામડે ગામડે જઈને લોકોનો આભાર માનવાની શરૂઆત કરી છે. તેમણે મતદાન પછી પણ ગરબડ, પુનઃ મતદાનની માંગણી વગેરે જેવા મુદ્દાઓને આક્રમકતાથી રજૂ કર્યા છે. તેમણે વિસાવદરમાં જ રહેવાની જાહેરાત કરી છે. તેમનો આ એટિટ્યૂડ મજાનો છે, જે તેમને અન્યોથી અલગ પાડે છે.' અને ગુજરાતની ૧૮૨ બેઠકોની વિધાનસભામાં સત્તાધીશોના છુપા આશીર્વાદથી કે વગર આશીર્વાદથી પણ 'ધારાસભ્ય' પદ મળવું એક મોટી સિદ્ધિ છે.

વાત જયારે ગુજરાતના રાજકારણની થાય ત્યારે સામાન્ય રીતે ઈલેકશન જીતો કે હારો, સીએમ બનો, નેતા વિપક્ષ બનો જે બનો એ પણ જે પદ માટે લોકો આખી જિંદગી ચપ્પલ ઘસી નાખે છે, કરોડો રૂપિયા વાપરી નાખે, નેતાઓની ખુશામત માટે જીભ ઘસી નાખે ત્યારે પણ ઘણીવાર ધારાસભ્ય પદ મળવું એ ખૂબ મુશ્કેલ હોય છે એ પદ સામાન્ય ઘરના યુવાનને આ સંઘર્ષના અંતે પ્રાપ્ત થયું એમાં જીવનની યથાર્થતા ફલિત થઈ જાય એમ કહીએ તો અતિશયોકિત નહીં ગણાય.

---

### નાગરિક બેન્ક ચોકમાં વરસાદમાં આતશબાજી કરાઈ

## બાબરામાં આમ આદમી પાર્ટી દ્વારા ગોપાલ ઈટાલીયા વિજયી થયાની ઉજવણી

### કાર્યકર્તાઓએ મીઠાઈ વિતરણ કરી

બાબરા, તા. ૨૩

વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયા જંગી બહુમતી સાથે વિજેતા થતા સમગ્ર રાજયમાં આમ આદમી પાર્ટી દ્વારા વિજયના વધામણાં કરવામાં આવ્યાં છે ત્યારે બાબરામાં આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ કૌશિક ભરાડની આગેવાની હેઠળ શહેર અને તાલુકાના આમ આદમી પાર્ટીના અગ્રણીઓ ચેતનભાઈ સનેપરા, ડાયલાલ કારેટિયા, થોભણ ભાઈ સાનિયા, કેયુરભાઈ માયાણી, અશોકભાઈ સાગઠિયા, કાળુભાઈ કારેટિયા, લાલજીભાઈ કારેટિયા, ગોવિંદભાઈ કારેટિયા, ભુપતભાઈ વિરડીયા, મુકેશભાઈ સહિતના અગ્રણીઓ દ્વારા અહીં નાગરિક બેન્ક ચોક ખાતે આતશબાજી કરી મીઠાઈ વિતરણ કરી વિજયના વધામણાં કરવામાં આવ્યા હતા.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

### રીમઝીમ વરસાદમાં મતદાન કરતા નાગરિકો

## બાબરા તાલુકામાં ૧૦ ગ્રામ પંચાયતમાં સામાન્ય અને ૨ માં પેટાચૂંટણી યોજાઈ

### અંદાજિત ૬૦ ટકા જેટલુ મતદાન નોંધાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકામાં સ્થાનિક ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં મતદાન વહેલી સવારથી શરૂ થતાં લોકો લોકશાહી ના પર્વને ઉજવણી કરવા અને મતદાનને પોતાની ફરજ સમજી મતદાન કરવા પહોંચ્યા હતા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી વરસાદ વાતાવરણ હોવા છતાં લોકો મતદાન કરવાનું ચુક્યા નો હતા બપોરના ત્રણ વાગ્યા સુધી માં ૫૮ ટકા જેટલું મતદાન જોવા મળ્યું હતું.

મતદાન બુથ પર કોઈ કાયદો વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં જળ વાઈ રહે તે માટે પોલીસ અને હોમગાર્ડ ના જવાનો દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે તેમજ પી આઈ અને પી આઇ આઈ દ્વારા રાઉન્ડ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

તાલુકાના ચમારડી, વાવડા, સહિત ની ૧૦ જેટલી ગ્રામ પંચાયત માં સામાન્ય ચૂંટણી યોજાય રહી છે જયારે કરીયાણા અને ઘૂઘરાળા ગામ માં પેટા ચૂંટણી યોજાય રહી છે.

મતદાન બુથ પર ચૂંટણી કાર્ય બરોબર ચાલી રહ્યું છે કે નહીં મતદારો બુથ પર વ્યવસ્થિત અને શાંતિપૂર્ણ રીતે મતદાન આપી રહ્યા છે કે માટે ચૂંટણી વ્યવસ્થા નું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવા ગાંધીનગર ના ચૂંટણી આયોગ તાલુકાના વાવડા ગામ સહિત દરેક ગામમાં મતદાન બુથ પર મતદાન કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમની સાથે લાઠી પ્રાંત અધિકારી, બાબરા મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારી સહિતના ચૂંટણી અધિકારીઓ જોડાયા હતા.

---

### પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને

## અમરેલીનાં યુવા નેતા મનિષ સંઘાણીનો આજે જન્મદિવસ

### કાર્યકર્તાઓ સેવાકાર્યો દ્વારા કરશે ઉજવણી

અમરેલી, તા. ૨૩

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનો જન્મદિવસ છે. તેઓના મો.નંબર ૯૮૯૮૬ ૧૦૨૩૦ પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે. ત્યારે જીલ્લામાં કાર્યકર્તાઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં સેવા હિ પરમો ધર્મને સાર્થક કરતા ગાયોને લીલો ઘાસચારો, શ્રમજીવીને ભોજન, શિક્ષણ કીટનું વિતરણ, નિરાધાર વડીલોને ભોજન,



બાળકોને ભોજન જેવા વિવિધ સેવા કાર્યો દ્વારા જિલ્લાભરમાં યુવા નેતા મનીષ સંઘાણીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે.

## બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૩

બગસરા મેઘાણી હાઈસ્કુલ ખાતે વિ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો રાજકીય આગેવાનો તેમજ તમામ સરકારી કચેરીઓના અધિકારીઓ એ હાજરી આપી વિ યોગ દિવસની ઉજવણી કરી હતી. બગસરા પ્રાંત અધિકારી, મામલતદાર, ટી.ડી.ઓ., નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ તેમજ પુતલેર મહાદેવ મંદિરના મહંત દ્વારા યોગ કરી લોકોને યોગ વિશે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત ઘણા ડિપાર્ટમેન્ટના અધિકારીઓ તાલુકા હેલ્થ ઓફિસર પીજીવીસીએલ કચેરી શિક્ષણ વિભાગ કેનીબીઆરસીસી.આર.સીપીડબ્લ્યુડી એસટી વિભાગમાંથી ડેપો મેનેજર અનેક વિભાગના અધિકારીઓ કર્મચારીઓ અમુક ડોકા કાઢીને જતા રહ્યા હતા અને અમુક ફરકીયા પણ ન હતા. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમગ્ર ભારત માટે આરોગ્યની ચિંતા કરતા હોય ત્યારે આરોગ્યના આવા અધિકારીઓ પોતાની મનમાની કરીને જતા રહેતા હોય સમગ્ર ભારત યોગ દિવસની ઉજવણી કરતા હોય ત્યારે ખુદ વડાપ્રધાન પણ અને મુખ્યમંત્રી મંત્રીઓ ધારાસભ્ય સંસદ સભ્યો સહિતના લોકો આ યોગ દિવસમાં જોડાયેલ હોય ત્યારે ત્યારે આવા અધિકારીઓ પદ અધિકારીઓ કર્મચારી ઘરે જઈને અથવા તો ઘરે જ રહીને સુઈ જતા હોય આવા અધિકારીઓને મનમાની કરતા સરકાર દ્વારા રોકવા જરૂરી છે તેમ લોક મુખે ચર્ચાઈ રહ્યું હતું.

---

### પાલિકાનાં શાસકો ધ્યાન આપે

## દામનગર શહેરમાં માર્ગમાં ઠેકઠેકાણે ગાબડાથી પરેશાની

### ચુંટણીમાં શહેરીજનોને અપાયેલ વચનનુ પાલન કરો



દામનગર, તા. ૨૩

દામનગર શહેર ખાડા શહેર બની જાય તો નવાઈ નહીં, કેમ કે હવે વિકાસ લગભગ ઘણો ખરો થઈ ગયો હોય એવી ચર્ચા સંભળાતી હોય છે...!! ગામે–ગામ ખાડા પડે, અને સંધાય પણ જાય.. દસ કે વિશ ખાડામાંથી બે – કે ચાર બૂરાય જાય તો દરેક માટે રાહત થાય. દામનગરમાં નગરપાલિકા કચેરીની આસપાસ, પ્રાથમિક શાળા નંબર. ૧ પાસે, બાપા સીતારામ ચાની હોટલ સામે, સદાબહાર રેસ્ટોરન્ટ નજીક, છભાડીયા રોડ પડેલા ઊંડા ખાડા વહેલામાં વહેલી તકે બુરવામાં આવે એવી આ ખાડાઓ જોનારાઓ માંગ કરી રહ્યા છે.

### આગામી 3 વર્ષની કારોબારીની રચના

## અમરેલી જિલ્લા કિસાન સંઘનાં અધ્યક્ષ તરીકે સામતભાઈ જેબલિયાની નિમંણૂક

### મંત્રી તરીકે દુધાત અને કોષાધ્યક્ષ તરીકે હીરાણી



અમરેલી, તા. ૨૩

ભારતીય કિસાન સંઘ અમરેલી જિલ્લા બેઠક અમરેલી આર. કે. હોલ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગમાલભાઈ આર્યના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમા ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ધીરૂભાઈ ધાખડા અને પ્રદેશ સદસ્ય અમૃતભાઈ પટેલ પુર્ણ કાલીન કાર્યકર્તા રામુદાદા તેમજ જીલ્લા કારોબારી અને દરેક તાલુકાના પ્રમુખ, મંત્રી હાજર રહ્યા હતા.

આ બેઠકમાં આવનાર ત્રણ વર્ષ માટે જીલ્લાની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. આ તકે અધ્યક્ષ દ્વારા અમરેલી જીલ્લા પ્રમુખ તરીકે સામતભાઈ જેબલિયા મંત્રી તરીકે વિનુભાઈ દુધાત તેમજ કોષાધ્યક્ષ તરીકે અશોકભાઈ હિરાણીના નામોની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતને ઉપસ્થિત તમામ કાર્યકરતા એ વધાવી હતી.

આ બેઠકમાં આવનાર ત્રણ વર્ષ માટે સંગઠનને દરેક ગામ સુધી લઈ જવા તેમજ દરેક તાલુકા બેઠકો રેગ્યુલર થતી રહે અને ખેડૂતોના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે યોજના તૈયાર કરવામાં આવી હતી.

---

# બેંગલુરૂ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક યોજાઈ




આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય મહિલા પરિષદ ઓજસ્વની રાષ્ટ્રીય છાત્ર પરિષદ રાષ્ટ્રીય મિટિંગ કર્ણાટક રાજયના બેંગલોર ખાતે યોજાયેલ હતી. રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયા રાષ્ટ્રીય મહામંત્રી દેવેશ ઉપાધ્યાય સંગઠન મહામંત્રી ઈશ્વરી રાષ્ટ્રીય અધ્યક્ષ બજરંગદળ વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં દેશમાં એક લાખ હનુમાન ચાલીસા કેન્દ્ર ખોલવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગઠન મજબુત બને એના માટે ૫૦ હજાર ગામોમાં સમીતી બનાવાશે હિન્દુ ધર્મ સંસ્કૃતિ અને સમાજ સંગઠીત થાય તેવા પ્રયત્નો કરવા પડશે. બેંગલોર મિટિંગમાં સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રી શંશીકાતભાઈ પટેલ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ સૌરાષ્ટ્ર, પ્રાંત સંયુકત મહામંત્રી વસંતભાઈ પટેલ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ વનરાજસિંહ ખેર, રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય મહિલા પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ સીમાબેન પટેલ વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૧લી જૂનથી ૧૫ ઓગષ્ટ સુધી માચ્છીમારીમાં વેકેશન શરૂ થતાં

# જાફરાબાદમાં સાગરખેડૂઓનાં આંગણે ઢોલ ઢબુકયા

### પરિવારજનો માટે દરિયો ખુંદતા સાગરખેડૂ ખારવા સહિતનાં માચ્છીમારોનું વેકેશન શરૂ


### ખારવા સમાજ દ્વારા વેકેશનનાં દિવસોમાં સામાજિક કાર્યો થતાં આવ્યા છે

### મોટી સંખ્યામાં માચ્છીમાર સમાજનાં દીકરા દીકરીઓનાં લગ્ન થવાનાં હોય અનેરો ઉત્સાહ

### બજારમાં દરેક વેપારીઓને લગ્નસરાની મૌસમને લઈને ઘરાકી જોવા મળી રહી છે

જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ કે જે અરબી સમુદ્ર કિનારે વસેલું બંદર છે. અહીં વસવાટ કરતા ખારવા સમુદાયમાં અષાઢ માસ એટલે સાગરખેડૂ ઓમાં લગ્નોના આનંદ મંગલનો અવસર કહેવાય છે. હાલ તો જાફરાબાદ સહિત રાજયમાં પહેલી જૂનથી સાગરખેડૂ નું વેકેશનનો પ્રારંભ થયો છે અને આ વખતે પહેલી જૂનથી ૧૫ ઓગસ્ટ સુધી અરબી સમુદ્રમાં માચ્છીમારી ઉપર પ્રતિબંધ હોવાથી અઢી મહિનાના આ વેકેશનમાં ખમીરવંતા સાગરખેડૂઓના લગ્ન સહિતના પ્રસંગોની ઉજવણી કરી રહ્યા છે. પોતાના જીવના જોખમે અને પોતાના ઘરબારની પરવા કર્યા વિના પરિવારજનોનું પેટીયું રળવા માટે દરિયો ખુંદતા સાગરખેડૂ ખારવા સમાજ સહિતના માચ્છીમારોનું વેકેશન શરૂ હોય આ વર્ષે પહેલી જૂનથી ૩૧ જુલાઈને બદલે માચ્છીમારોની સંસ્થાઓ તથા માચ્છીમારોની માંગણી અનુસંધાને ૧૫ ઓગષ્ટ સુધીનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે અને ત્યાં સુધી માચ્છીમારી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે આ દિવસો દરમિયાન ખમીરવંતા ખારવા સમાજ દ્વારા જુદા જુદા સામાજિક પ્રસંગો અને લગ્ન ઉત્સવ સહિતની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અઢી મહિના દરમિયાન અનેક ખારવા સમાજના યુવક/યુવતીઓના લગ્ન ના પ્રસંગો ઉજવાઈ રહ્યા છે. સાગરખેડૂઓ તેમના પરિવારજનો સાથે રહીને સામાજિક પ્રસંગોમાં લગ્નસરાની સિઝનની ધૂમ મચી છે. બંદર પર રોશનીનો ઝગમગાટ, દિકરા-દિકરીઓના લગ્ન લેવાયાં, બજારમાં ખરીદી નીકળી, ઢોલ, શરણાઈ, ડીજેના નાદ ગૂંજીયા, ગોરબાપાના મંગલ શ્લોકો સાથે લગ્નનો માહોલ છવાયો, નવ માસ સુધી દરિયાદેવના ખોળે રમતા સાગરખેડૂ જીવ સટોસટની બાજી ખેલી માચ્છીમારીનો વ્યવસાય કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ આઠથી નવ માસ દરમિયાન મધદરિયે દરિયો ખેડવા જતા હોય છે. મધદરિયે અનેક આફતો



અનેકવાર કુદરતી આફતનો સામનો કરવો પડતો હોય છે. અનેકવાર તોફાન, બોટ ઊથલી પડવી, દરિયામાં અકસ્માતે પડી જવું અને જીવ ગુમાવવો, દરિયાઈ ફીશિંગ વખતે બિમાર પડી જવું, માચ્છીમારી કરતી વખતે જાળ દરિયામાં મુકતી વખતે પવનના મોજામાં બોટ હાલકડોલક થવાથી પાડું તથા હાથાં દોરડું આવી જતાં અકસ્માત ઘણી ખરી વખત થતાં હોય છે. જાળ ખેંચતી વખતે દોરડું તુટી જવાથી હાથ પાટું ભાંગી તથા એવા ગંભીર અકસ્માત થતાં હોય છે તથા હાર્ટએટેક તથા અન્ય સમસ્યાઓનો સામનો કરતો બળકંદો સાહસિક સમાજ જયારે અષાઢ માસ આવે ત્યારે વધારે ખુશ ખુશાલ બની જાય છે. ઘરેઘરે લગ્નની શરણાઈઓ અને ડીજે ઢોલ ઢબૂકી ઊઠે છે. લગ્નોના કારણે દીકરા-દીકરીઓના લગ્નની ખરીદી કરતા હોવાથી વેપારીઓને પણ બજારમાં રોનક દેખાવા લાગે છે. સાગરખેડૂઓ સ્થાનિક ખરીદી ઉપરાંત રાજુલા, ઉના, મહુવા, સુરત, વેરાવળ, પોરબંદર, મુંબઈ ખરીદી માટે જાય છે. ખારવા સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઠેકઠેકાણે લગ્નના મંડપો રોશનીથી સજાવવામાં આવ્યા છે. હાલ માચ્છીમારી સિઝન બંધ હોય નવથી આઠ માસ દરમ્યાન સાગરખેડૂ દરિયો ખેડવા જાય છે. મહા મહિનાના પંદર દિવસ સમાજિક કાર્યો માટે બોટો બંધ રાખવામાં આવતી હોય છે. તે દરમિયાન ખારવા સમાજમાં સગાઈ તેમજ લગ્ન માંગવામાં આવે છે. આઠ માસ પછી સિઝનનું વેકેશનમાં અષાઢ મહિનામાં એટલે ચોમાસામાં માંગલિક પ્રસંગો એટલે લગ્નના આ રૂડાં અવસર માટે અગાઉથી છોકરીવાળા લાડકવાયી દીકરી માટે તમામ કરિયાવર દાગીનાથી લઈને તમામ ઘરવખરી ની ખરીદી કરવામાં આવે છે. છોકરાવાળા કપડા તેમજ વરરાજાઓના ઘરના તમામ પરિવારોની ખરીદી કરવા માટે પણ જતા હોય છે. સામાજિક કાર્યો મારી ફરી દરિયા દેવનો ખોળો ખુદવા સાગરખેડૂ જતા હોય છે. ત્યારે ખારવા સમાજમાં લોકપ્રીય ગીત ''અમે દરિયાનો ખોળો ખુદનારા રે ખારવા ખારવા અલ્લાહ બેલી કે ખારવા ખારવા અલ્લાહ બેલી''. જયારે આ અઢી મહિનાનું વેકેશન પૂરૂં થતાં સાગરખેડૂ વરસતા વરસાદમાં તુફાની દરિયાના ઉંચા ઉંચા પહાડો જેવા ઉછરતા મહાકાય મોજા સામે બાથ ભીડીને માચ્છીમારી કરતા હોય છે. જાફરાબાદ ખારવા સમાજમાં લગ્નસરાની મોસમ ચાલું છે પહેલા ખારવા સમાજમાં સમુહલગ્ન યોજાતા ત્યારે સૌ સમુહલગ્નમાં જોડાતા પરંતુ ધીમે ધીમે લોકોમાં સમજણ આવી એટલે હવે ઘરે ઘરે લગ્ન કરી રહ્યા છે. ઘરેઘરે લગ્નમાં સૌ પરિવારો સાથે ખુબજ ઉત્સાહ સાથે ઘરોમાં રંગરોગાન તથા રંગબેરંગી લાઈટિંગથી ઘરને અને ઘર આંગણે મંડપોને પણ શણગારવામાં આવ્યા છે. લગ્ન રંગે ચંગે ઉજવવામાં આવી રહ્યા છે.

### ખેતીકાર્યનાં સમયે રાની પશુઓની સમસ્યા

## ચલાલા : ગોપાલગ્રામની સીમમાં ખેતીકાર્ય કરતાં શ્રમિક ઉપર દીપડાનો હુમલો

### ઈજાગ્રસ્ત શ્રમિકને સારવારમાં ખસેડાયા

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાના ગીર કાંઠા વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં સિંહ અને દીપડાની રંજાડ દિવસેને દિવસે વધી રહી છે. ત્યારે હાલમાં સારા વરસાદ પછી સીમ વિસ્તારમાં વાવણીનું કાર્ય શરૂ હોય, ત્યારે ધારી તાલુકાના ચલાલા ગામ નજીક આવેલ ગોપાલગ્રામ ગામની સીમમાં રહેતા એક શ્રમિક ઉપર દીપડાએ હુમલો કરી દેતા તેમને ગંભીર હાલતમાં પ્રાથમિક આરોગ્ય



કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતાં. આ બનાવને લઈ શ્રમિક તથા ખેડૂતોમાં ભય વ્યાપી જવા પામેલ છે. ત્યારે દીપડાના હુમલાની ઘટનાને લઈ વનવિભાગે તપાસ શરૂ કરેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી તાલુકાના ચલાલા ગામ નજીક આવેલ ગોપાલગ્રામ ગામની સીમમાં રહેતા બકુલભાઈ ચીમનભાઈ પારગી નામના શ્રમિક ગઈકાલે રાત્રીના ૧૨ વાગ્યાના સમયે પોતે કામ કરતાં તે વાડીએ સુતા હતાં. ત્યારે તેમની ઉપર એક દીપડાએ અચાનક જ હુમલો કરી દેતા તે ભર ઊંઘમાંથી જાગી જઈ અને રાડારાડ કરી મુકતા આજુબાજુમાંથી અન્ય લોકો દોડી આવતાં દીપડો નાશી છૂટયો હતો.

બાદમાં એકઠા થયેલ લોકોએ શ્રમિક બકુલભાઈને ગંભીર હાલતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતાં. આ બનાવને લઈ શ્રમિક તથા ખેડૂતોમાં ભય વ્યાપી જવા પામેલ છે. ત્યારે દીપડાના હુમલાની ઘટનાને લઈ વનવિભાગે તપાસ શરૂ કરેલ છે.

## જાફરાબાદ ખાતે પેન્શન સમાજની બેઠક યોજાઈ



જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ ખાતે હરકોર બાગમાં (બગીચામાં) પેન્શનરોની મિટિંગ યોજવામાં આવી હતી આ મિટિંગમાં આઠમા વેંતન પંચમાં કેન્દ્ર સરકારે તથા રાજય સરકારે પેન્શનરોને આઠમા વેંતન પંચમાંથી બાકાત રાખવાના સમચાર મળેલ છે. તેના અનુસંધાને પેન્શનરોને આ આઠમા વેંતન પંચમાંથી બાકાત રાખવામાં ન આવે તેનો વિરોધ કરવા તથા રજૂઆત કરવા માટે એક ઠરાવ કરી પેન્શનરોની સહીઓ લઈને જીલ્લા કક્ષાએથી કલેકટર મારફતે પ્રધાનમંત્રીને ઓલ ઈન્ડિયા પેન્શનર ફેડરેશન મારફતે આ રજૂઆત અને વિરોધ માટે નવી દિલ્હી મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ મિટિંગ પેન્શનર સમાજના અધ્યક્ષ નરેશભાઈ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતી આ મિટિંગમાં પેન્શનરોના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી અને એચ.એમ. ઘોરીએ પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું.

### સિટી પીઆઈ ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ

## અમરેલી સિટી પોલીસે દુષ્કર્મનાં આરોપીને ગણતરીનાં દિવસોમાં ઝડપી લીધો

### આરોપી આદિલભાઈ પટેલની અટકાયત

અમરેલી, તા. ૨૩

અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ બહારપરા પોલીસ ચોકીની ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ ૬૪(૨)એમ, ૬૯, ૩૫૧(૨)



મુજબના ગુન્હાના કામના કાલાવાડ ગામે રહેતા આરોપી આદિલભાઈ સતારભાઈ પટેલને ટેકનીકલ સોર્સ તથા ચોક્કસ બાતમી આધારે આરોપીને ગણતરીના દિવસોમાં શોધી કાઢી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.


ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરાબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫







જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૦૯૬ ૫૨૧૦૪






### કેજરીવાલ અરોરાને પંજાબ સરકારમાં મંત્રી બનાવશે

# પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ લુધિયાણા બેઠક જીતી

## સંજીવ અરોરાએ કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ મુખ્યમંત્રી ભૂષણ આશુને ૩૫૧૪૪ મતથી હાર આપી હતી

ચંદીગઢ, તા.૨૩

પંજાબની લુધિયાણા બેઠક અને ગુજરાતની વિસાવદર વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા-ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોની જીત થઈ છે. આજથી પાંચ મહિના પહેલા આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં સત્તા ખોવી પડી હતી. દિલ્હીની ચૂંટણીમાં AAP પ્રમુખ અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈન સહિત તમામ મોટા નેતાઓ હારી ગયા હતા, ત્યારે લુધિયાણા અને વિસાવદર બેઠક પર AAPની જીત પાર્ટી માટે સંજીવની સાબિત થઈ શકે છે.

પંજાબમાં આમ આમદી પાર્ટીની સરકાર છે અને પાર્ટીએ લુધિયાણા બેઠક પણ જીતી લીધી છે. જ્યારે ગુજરાતની વિસાવદર પણ જીતી લીધી છે, તેથી હવે આમ આદમી પાર્ટી પંજાબ અને ગુજરાત પર ફોકસ વધારશે. કેજરીવાલ, સિસોદિયા સહિત તમામ મોટા નેતાઓ પેટા-ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે. AAPએ ચૂંટણીની તારીખો જાહેર થઈ તે પહેલા જ રાજ્યસભાના સભ્ય સંજીવ અરોરાને લુધિયાણા બેઠક પર ઉમેદવાર જાહેર કરી દીધા હતા અને હવે તેમણે જીત મેળવી લીધી છે. વર્ષ ૨૦૨૨ સુધી લુધિયાણા કોંગ્રેસનો ગઢ કહેવાતી હતી. સંજીવ અરોરાએ કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ મુખ્યમંત્રી ભૂષણ આશુને હરાવ્યા છે. કેજરીવાલે વચન આપ્યું હતું કે, અરોરા જીતશે તો તેમને ભગવંત માન સરકારમાં મંત્રી બનાવશે. ધારાસભ્ય ગુરપ્રીત યોગીનું મોત થયા બાદ લુધિયાણા પશ્ચિમ વિધાનસભા બેઠક ખાલી પડી હતી.

કયાં પક્ષના કયાં ઉમેદવારને કેટલાં મત મળ્યા

સંજીવ અરોરા (AAP)- ૩૫૧૪૪ મત

ભારત ભૂષણ આશુ (Congress)- ૨૪૫૧૦ મત

જીવન ગુપ્તા (BJP)- ૨૦૨૯૯ મત

પરોપકાર સિંહ (અકાલી દળ)- ૮૧૯૮ મત

જ્યારે ગુજરાતની વિસાવદર વિધાનસભા બેઠક યોજાયેલી પેટા-ચૂંટણીમાં AAP ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની મોટી જીત થઈ છે. ઈટાલિયને ૭૫,૯૪૨ મત, ભાજપના ઉમેદવાર કિરીટ પટેલને ૫૮,૩૮૮ મત અને કોંગ્રેસના નિતિન રણપરિયાને ૫૫૦૧ મત મળ્યા છે. આ બેઠક પરના ધારાસભ્ય ભૂપેન્દ્ર ભાયાણીએ રાજીનામું આપી દીધું હતું અને ભાજપમાં જોડાઈ ગયા હતા. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૨૩થી વિસાવદર બેઠક ખાલી પડી હતી.

પેટા-ચૂંટણીમાં બંને બેઠક જાળવી રાખ્યા બાદ અરવિંદ કેજરીવાલે એક્સ પર પોસ્ટ કર્યું અને રાષ્ટ્રીય રાજકારણમાં ઉભરવાની વાત કહી છે. અનુરાગ ઢાંઢાને એક્સ પર લખ્યું છે કે, 'મોદીના ગઢ ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસને પેટા-ચૂંટણીમાં પછળાતા જોઈ કેજરીવાલે રાષ્ટ્રીય રાજકારણમાં જબરદસ્ત વાપસી કરી છે.'

### એએપીના દિગ્ગજ નેતા મનિષ સિસોદિયાએ કહ્યું

# ગુજરાતનો સિંહ ગોપાલ હવે વિધાનસભામાં ગર્જના કરશે

## મનિષ સિસોદિયાએ વિસાવદર પેટા ચૂંટણીમાં શાનદાર જીત બદલ ગોપાલ ઈટાલિયાને અભિનંદન પાઠવ્યા છે

નવી દિલ્હી, તા.૨૩

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની ઐતિહાસિત જીત થઈ છે. આ જીત સાથે જ આમ આદમી પાર્ટીમાં જશ્નનો માહોલ છે. આપના દિગ્ગજ નેતાઓ પણ ગોપાલ ઈટાલિયાને જીતની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા મનિષ સિસોદિયાએ વિસાવદર પેટા ચૂંટણીમાં શાનદાર જીત બદલ ગોપાલ ઈટાલિયાને અભિનંદન પાઠવ્યા છે. મનિષ સિસોદિયાએ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું, ગુજરાતમાં મોટી જીત! ગુજરાતનો સિંહ ગોપાલ ઈટાલિયા હવે વિધાનસભામાં ગર્જના કરશે. આ જીત દિવસ-રાત મહેનત કરનારા દરેક કાર્યકરની છે. આમ આદમી પાર્ટીના દરેક સૈનિકનો આભાર અને હાર્દિક અભિનંદન! ટીમ ગુજરાતને અભિનંદન! વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં AAPના ગોપાલ ઈટાલિયાની જીત અંગે દિલ્હી AAP પ્રમુખ સૌરભ ભારદ્વાજે કહ્યું, આ AAP માટે એક મોટી જીત છે. રાજકીય વિશ્લેષકો કહી રહ્યા હતા કે AAP એક પક્ષ તરીકે સમાપ્ત થઈ જશે. પરંતુ દિલ્હીમાં હાર બાદ AAP લુધિયાણા પશ્ચિમ (વિધાનસભા પેટાચૂંટણી) જીતી રહી છે અને અમે AAPના ગઢ ગણાતા ગુજરાતમાં પેટાચૂંટણી પણ મોટા માર્જિનથી જીત્યા છીએ. મને લાગે છે કે આ એક મોટી જીત છે. કેટલાક લોકો કહેતા હતા કે અરવિંદ કેજરીવાલ રાષ્ટ્રીય રાજકારણમાં સાઈડલાઈન થઈ જશે, આ એક શાનદાર વાપસી છે." આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાનો ૧૭,૫૮૧ મતથી વિજય થતાની સાથે જ આપની છાવણીમાં ખુશી પ્રસરી ગઈ હતી. વરસતા વરસાદમાં વિજય ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહ્યા છે. વિસાવદર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીની જીત સાથે જ ભાજપમાં સોપો પડી ગયો હતો.જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ અને વિસાવદર બેઠકના ઉમેદવાર કિરીટ પટેલને જીતાડવા માટે મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ, ગુજરાત ભાજપના મંત્રીઓ અને વિસાવદર બેઠકના પ્રભારી જયેશ રાદડિયા સહિતનાએ એડીચોટીનું જોર લગાવ્યું હતું તેમ છતાં પણ ભાજપની કારમી હાર થઈ છે. પરાજય થતા હાર પાછળનું કારણ મેળવવા ભાજપમાં મંથન શરૂ થયું છે.

### તું શું પ્લેન ચલાવીશ, જા જૂતાં-ચંપલ સાફ કર

# ઈન્ડિગોના ત્રણ અધિકારીઓ પર જ્ઞાતિવાદના આરોપ બાદ FIR

## ફરિયાદ અનુસાર ઈન્ડિગોના ત્રણ અધિકારીઓ ટ્રેની પાયલટને તેની જ્ઞાતિને લઈને અપશબ્દોનો ઉપયોગ કરતા હતા

નવી દિલ્હી, તા.૨૩

ઈન્ડિગો એરલાઈન્સના ત્રણ અધિકારીઓ પર જ્ઞાતિવાદ કરવાના આરોપ લાગ્યા છે. આ આરોપો કંપનીના જ એક ટ્રેની પાયલટે લગાવ્યા છે.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, ઈન્ડિગોના ત્રણ અધિકારીઓ ટ્રેની પાયલટને તેની જ્ઞાતિને લઈને અપશબ્દોનો ઉપયોગ કરતા હતા. તે કહેતા કે, તું શું વિમાન ઉડાવીશ.

પાછો જા અને જૂતાં-ચંપલ સાફ કરવાનું શરૂ કરી દે. હાલ આ મામલે હરિયાણાના ગુરુગ્રામ DLF ફેઝ-૧ પોલીસ તપાસ કરી છે. અહેવાલો અનુસાર, પીડિત ટ્રેની પાયલટનું નામ શરણ કુમાર છે. આરોપી અધિકારીઓના નામ તાપસ ડે, મનીષ સાહની અને કેપ્ટન રાહુલ પાટીલ છે. આ ઘટના ઈન્ડિગોની ગુરુગ્રામ ઓફિસમાં ૨૮મી એપ્રિલના રોજ બની હતી. ઈન્ડિગોના અધિકારીઓએ ટ્રેની પાયલને મીટિંગ માટે બોલાવ્યા. આ મીટિંગ દરમિયાન ટ્રેની પાયલટ શરણ કુમારને અધિકારીઓએ કહ્યું હતું કે, તું શું વિમાન ઉડાવીશ. પાછો જા અને જૂતાં-ચંપલ સાફ કરવાનું શરૂ કરી દે. તમે મારા જૂતા ચાટવા માટે પણ યોગ્ય નથી. તમારી પાસે આ બિલ્ડિંગમાં ચોકીદાર બનવાની હેસિયત નથી અને તું મને ખુલાસો પૂછી રહ્યા છો? આ મામલે SC/ST એક્ટ અને BNSની અનેક કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. અગાઉ, આ ફરિયાદ બેંગલુરુમાં શૂન્ય FIR તરીકે નોંધવામાં આવી હતી. પરંતુ તેને ગુરુગ્રામના DLF-1 પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આ મામલે આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર દલવિંદર સિંહે જણાવ્યું હતું કે, પોલીસે પુરાવા એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. ટૂંક સમયમાં તમામ પક્ષોના નિવેદનો નોંધવામાં આવશે.

ઈન્ડિગોએ આરોપોને નકારી કાઢ્યા છે, એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઈન્ડિગો કોઈપણ પ્રકારના ભેદભાવ, ઉત્પીડન અથવા પૂર્વગ્રહ પ્રત્યે ઝીરો ટોલરન્સ નીતિ જાળવી રાખે છે અને સમાવિષ્ટ અને આદરણીય કાર્યસ્થળ બનવા માટે પ્રતિબદ્ધ છે. ઈન્ડિગો આ પાયાવિહોણા દાવાઓને સખત રીતે નકારે છે અને ન્યાયીપણા, પ્રામાણિકતા અને જવાબદારીના તેના મૂલ્યો સાથે રહે છે અને જરૂર પડ્યે કાયદા અમલીકરણ એજન્સીઓને તેનો સમર્થન આપશે.

### અંધારામાં ઘરમાં ધીંગાણું ખેલાયું

# બે પ્રેમીઓ સાથે સૂતી હતી પત્ની, અડધી રાતે પતિની આંખ ખુલી

## આ બંને સાથે યુવકને મારામારી થઈ : મારપીટ અચાનક હત્યામાં બદલાઈ ગઈ : બંને શંકાસ્પદોની ધરપકડ થઈ

રોહતાસ, તા.૨૩

બિહારના રોહતાસમાંથી એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે. અહીં એક દંપતી ભાડાના મકાનમાં રહેતું હતું. બંને રાજીખુશીથી રહેતા હતા, પણ એક રાતે બધું વેરવિખેર થઈ ગયું. અડધી રાતે પતિનો અવાજ સંભળાયો, તો તેની ઊંઘ ઉડી ગઈ. ઉઠીને જોયું તો પત્ની બે પ્રેમીઓ સાથે હતી, તેણે જોરથી ચીસો પાડી. વાત ત્યાં સુધી પહોંચી ગઈ કે, આ બંને સાથે યુવકને મારામારી થઈ ગઈ. મારપીટ અચાનક હત્યામાં બદલાઈ ગઈ અને બંને છતના રસ્તે ઘરમાંથી ભાગવા લાગ્યા. આ મામલામાં કેટલાય ચોંકાવનારા ખુલાસા થયા છે.

આ મામલો બિહારના રોહતાસ જિલ્લાના ડેહરી વિસ્તારનો છે. જ્યાં એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. ડેહરીના ઈદગાર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા ૪૫ વર્ષીય મોહમ્મદ અશરફની શંકાસ્પદ હાલતમાં હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના પાછળ પ્રેમ પ્રસંગની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેની પુષ્ટિ ખુદ પોલીસ કરી રહી છે. જાણકારી અનુસાર, મોહમ્મદ અશરફની પત્નીને એ જ ફળિયાના અમુક લોકો સાથે આડા સંબંધ હતા. ગત રાતે મોહમ્મદ અશરફ પોતાના રૂમમાં સુતો હતો, ત્યારે અમુક યુવક તેના ઘરમાં ઘૂસી ગયા હતા. કહેવાય છે કે, પત્નીને પહેલાથી તેમની સાથે કોન્ટેક્ટ હતો અને તેને જ મળવા માટે અડધી રાતે ઘરનો દરવાજો પણ ખુલ્લો રાખ્યો હતો.

જ્યારે મોહમ્મદ અશરફની આંખ ખુલી અને તેણે પોતાની પત્નીને બે અજાણ્યા યુવકો સાથે વાંધાજનક સ્થિતિમાં જોયા તો તે જોરથી ચીસો પાડવા લાગ્યા. બૂમો સાંભળીને આરોપી યુવક છતના રસ્તે ભાગવા લાગ્યો, પણ ત્યાં સુધીમાં મોહમ્મદ અશરફને ગંભીર ઈજા થઈ ચૂકી હતી. આશંકા છે કે ગળું દબાવીને તેની હત્યા કરી નાખી છે. પાડોશીઓએ ચીસો સાંભળી પોલીસને જાણ કરી દીધી. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે લાશને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધી છે અને ઘટનાસ્થળ પર તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે ઘટનાસ્થળેથી બે શંકાસ્પદ યુવકોની ધરપકડ કરી છે, જેમની સાથે પૂછપરછ થઈ રહી છે.પોલીસનું કહેવું છે કે, પ્રાથમિક તપાસમાં આ મામલો પ્રેમ પ્રસંગનો લાગી રહ્યો છે. મોહમ્મદ અશરફની પત્ની સાથે પણ પૂછપરછ થઈ રહી છે. પાડોશીઓ અનુસાર, મહિલાની ચાલઢાલ પહેલાથી જ શંકાસ્પદ હતી અને ફળિયામાં ઘણી વાર તેને લઈને વાતો પણ થઈ ચૂકી હતી. હાલમાં પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. ઘરની આજુબાજુમાં લાગેલા સીસીટીવી ફૂટેજ પોલીસ ખંગાળી રહી છે. જેથી જાણી શકાય કે તે રાતે કેટલાય લોકો ઘરમાં હતા અને કયા રસ્તેથી ભાગ્યા છે. આ ઘટના બાદ આખા વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

### NIAની પૂછપરછમાં ધડાકો

# પહલગામ હુમલા બાદ જાહેર કરવામાં આવેલા સ્કેચ હુમલાખોરોના છે જ નહીં

## અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનના રહેવાસી હતા અને તેઓ લશ્કર-એ તૈયબા સાથે જોડાયેલા હતા

જમ્મુ, તા.૨૩

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં મોટો ઘટસ્ફોટ થયો છે. સુરક્ષા દળો જે પોસ્ટરના આધારે આતંકવાદીઓની શોધ કરી રહી છે, તે પોસ્ટર હુમલો કરનારા આતંકવાદીઓના છે જ નહીં.નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી(NIA)ને ગઈકાલે મોટો પુરાવો મળ્યો છે. જેમાં હુમલાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનના રહેવાસી હતા. તેઓ પ્રતિબંધિત આતંકી જૂથ લશ્કર-એ તૈયબા સાથે જોડાયેલા હતા. આ ખુલાસો આતંકવાદીઓને મદદ કરનારા બે કાશ્મીરી નાગરિકો પરવેજ અહમદ જોથર અને બશીર અહમદ જોથરે કર્યો છે. આ બંને જણ પર આતંકવાદીઓને આશ્રય, ભોજન સહિતની અન્ય સુવિધાઓ પૂરી પાડી હોવાનો આરોપ છે.

NIAને આ બંને આરોપીએ જણાવ્યું હતું કે, ૨૦ એપ્રિલની રાત્રે ત્રણેય આતંકવાદીઓ અમારા ઘરે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે ભોજન, પૈસા અને કોઈને પણ જાણ ન કરવાની ધમકી આપી હતી. આ હુમલા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસે જે ત્રણ સંદિગ્ધ (હાશિમ મૂસા, અલી ભાઈ ઉર્ફ તલ્હા અને આદિલ હુસૈન ઠોકર) આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા હતાં. તે ખોટા છે. વાસ્તવમાં પહલગામ હુમલામાં સામેલ આંતકવાદીઓમાંથી એકનું નામ સુલેમાન શાહ છે. જેણે ગતવર્ષે એક સુરંગ પર આતંકી હુમલો કર્યો હતો. આ હુમલામાં સાત મજૂરોના મોત થયા હતા. સુલેમાનના સાથીદાર જુનૈદ રમઝાન ભાટ ૪ ડિસેમ્બરના રોજ માર્યો ગયો હતો. તેના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી પહલગામ હુમલાના હુમલાખોરોની ઓળખ થઈ છે. NIA અને કેન્દ્રીય એજન્સીઓએ હુમલા બાદ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા હતા. જો કે, પરવેઝ અને બશીરે તે હુમલાખોરો ન હોવાનું જણાવ્યું છે. તેમણે જુનૈદના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી આતંકવાદીની ઓળખ કરી છે. તેઓ કાશ્મીરી નહીં પણ પાકિસ્તાનના નાગરિક છે.NIAએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA), ૧૯૬૭ની કલમ ૧૯ હેઠળ બંને સ્થાનિક આરોપીની ધરપકડ કરી છે. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, 'પરવેઝ અને બશીરે જાણી જોઈને હુમલાખોરોને પોતાના ઘરમાં આશરો આપ્યો હતો. તેમને ખોરાક, આશ્રય અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો.'

### કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું

# તેલ માર્કેટિંગ કંપનીઓ પાસે ઘણા અઠવાડિયા ચાલે તેટલો પુરવઠો છે

## અમે અન્ય માર્ગો દ્વારા ક્રૂડ ઓઇલનો પુરવઠો વધારી શકીએ છીએ. અમે બધા શક્ય ઉપાયો પર વિચાર કરી રહ્યા છીએ : પુરી

નવી દિલ્હી, તા.૨૩

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રી પછી વિશ્વભરના દેશોમાં તેલ સંકટ વધુ ઘેરું બની શકે છે, કારણ કે ઈરાન ક્રૂડ ઓઈલનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ક્રૂડ ઓઈલ સપ્લાય કરે છે, પરંતુ અમેરિકાના હુમલા પછી, ઈરાન આ માર્ગ બંધ કરવાનું વિચારી રહ્યું છે. સંસદમાં આ ઠરાવ પસાર થઈ ગયો છે અને હવે ઈરાનની નૌકાદળ આ માર્ગ ગમે ત્યારે બંધ કરી શકે છે. વિશ્વના સૌથી મોટા ઉર્જા પુરવઠા ક્ષેત્રોમાં વધતા તણાવ વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ રવિવારે જણાવ્યું હતું કે વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ આયાતકાર અને ચોથા સૌથી મોટા ગેસ ખરીદનાર ભારત પાસે ઘણા અઠવાડિયા સુધી તેની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતો ઉર્જા પુરવઠો છે અને ભારત પાસે પુરવઠા માટે અનેક વિકલ્પો છે.

રવિવારે મીડિયા સાથે વાત કરતા હરદીપ પુરીએ કહ્યું, "સરકાર છેલ્લા બે અઠવાડિયાથી પશ્ચિમ એશિયામાં બદલાતી ભૂ-રાજકીય પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે." તેમણે કહ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, અમે છેલ્લા કેટલાક વર્ષોમાં અમારા પુરવઠામાં વૈવિધ્યીકરણ કર્યું છે અને હવે અમારા પુરવઠાનો મોટો ભાગ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવતો નથી."

પુરીએ કહ્યું, "આપણી તેલ માર્કેટિંગ કંપનીઓ પાસે ઘણા અઠવાડિયા સુધી ચાલે તેટલો પુરવઠો છે અને તેઓ અનેક માર્ગો દ્વારા ઉર્જા પુરવઠો મેળવતા રહેશે. અમે નાગરિકોને ઈંધણનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લઈશું. તેમણે કહ્યું કે ભારતમાં દરરોજ વપરાશમાં લેવાતા ૫.૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલમાંથી, લગભગ ૧.૫-૨ મિલિયન બેરલ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવે છે. તો ભારત અન્ય માર્ગો દ્વારા લગભગ ૪ મિલિયન બેરલ આયાત કરે છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે ભારત પાસે પૂરતો સ્ટોક છે. તેમણે કહ્યું, "અમારી તેલ કંપનીઓ પાસે પૂરતો સ્ટોક છે. તેમાંથી મોટાભાગની કંપનીઓ પાસે ત્રણ અઠવાડિયા સુધીનો સ્ટોક છે. તો એક પાસે ૨૫ દિવસનો સ્ટોક છે. અમે અન્ય માર્ગો દ્વારા ક્રૂડ ઓઈલનો પુરવઠો વધારી શકીએ છીએ. અમે બધા શક્ય ઉપાયો પર વિચાર કરી રહ્યા છીએ."

ઉલ્લેખનીય છે કે હોર્મુઝ સ્ટ્રેટ પશ્ચિમ એશિયામાંથી આવતા તેલ માટે એક મહત્વપૂર્ણ પરિવહન માર્ગ છે. ઈઝરાયલ સાથે સંઘર્ષ શરૂ થયા પછી અમેરિકાએ તેના પરમાણુ ઠેકાણાઓ પર હુમલા કર્યા પછી ઈરાન આ અંગે ગંભીર છે. ઈરાનની સંસદે પણ આ જળમાર્ગ બંધ કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. ઈરાનનો આ નિર્ણય ઘણા દેશોની ઊંઘ હરામ કરી શકે છે.

### બેંકોમાં ધડાધડ આવવા લાગી વિદેશી કરન્સી

# મુસ્લિમ દેશોમાં ભારતમાં પૈસા મોકલવાની હોડ જામી

## ભારતીય રૂપિયાની કિંમત યુએઈ દિરહામની સરખામણીમાં તૂટીને ૨૩.૫ પ્રતિ દિરહામ સુધી પહોંચતા NRI ફાયદો ઉઠાવી રહ્યા છે

રિયાદ, તા.૨૩

સંયુક્ત આરબ અમીરાત (UAE) અને સાઉદી અરબમાં રહેતા ભારતીયો વચ્ચે હાલ ભારતમાં પૈસા મોકલવાની હોડ જામી છે. વાત જાણે એમ છે કે ભારતીય રૂપિયાની કિંમત યુએઈ દિરહામની સરખામણીમાં તૂટીને ૨૩.૫ પ્રતિ દિરહામ સુધી પહોંચી ગઈ છે. જેને ધ્યાનમાં રાખતા એનઆરઆઈઓ તેનો ફાયદો ઉઠાવીને વધુમાં વધુ રકમ ભારત મોકલવા માંગે છે.

ગલ્ફ ન્યૂઝના એક રિપોર્ટ મુજબ રૂપિયો જ્યારથી તૂટીને ૨૩.૫ પ્રતિ દિરહામ આસપાસ પહોંચ્યો છે ત્યારથી રેમિટેન્સ એટલે કે વિદેશથી ભારત મોકલાઈ રહેલા પૈસામાં ઝડપથી ઉછાળો આવ્યો છે. જેથી કરીને તેઓ ઓછા દિરહામે વધુ પૈસા ભારત મોકલી શકે છે જેના લીધી ભારતમાં તેમના પરિવારોને વધુ પૈસા મળી શકશે. આ દર એપ્રિલની શરૂઆત બાદથી સૌથી નબળો છે. આ કારણે ખાડી દેશો, ખાસ કરીને યુએઈ, અને સાઉદી અરબમાં રહેતા ભારતીય ઝડપથી ભારત પૈસા મોકલી રહ્યા છે. ખાડી દેશોના કરન્સી એક્સચેન્જ હાઉસોનું કહેવું છે કે ૧૯ જૂનથી AED થી INR માં લેવડદેવડ ઝડપથી વધી છે. ઈન્ડસ્ટ્રીના અધિકારીઓ મુજબ જેમની પાસે પણ થોડા ઘણા વધારાના પૈસા છે તેઓ તરત ભારત મોકલી રહ્યા છે. યુએઈના એક એક્સચેન્જ હાઉસના સીનિયર અધિકારીએ ગલ્ફ ન્યૂઝને કહ્યું કે હાલના અઠવાડિયાઓમાં AED-INR રેમિટેન્સની રીતે સૌથી સારો દિવસ રહ્યો. ભલે થોડા સમય માટે રૂપિયાની કિંમત વધીને ૨૩.૪૬ રૂપિયા થઈ. આમ છતાં મોટાભાગના લોકોએ પૈસા મોકલવાનો સિલસિલો ચાલુ રાખ્યો. સામાન્ય રીતે જૂન મહિનામાં પ્રવાસી ભારતીયો રજાઓ અને ટ્રાવેલ ખર્ચાના કારણે ભારત પૈસા ઓછા મોકલે છે. પરંતુ આ વખતે ગગડતા રૂપિયાના કરાણે ટ્રેન્ડ બદલાયો છે. મની એક્સચેન્જ હાઉસો મુજબ વીકેન્ડમાં પણ રેમિટેન્સની ઝડપ બની રહી અને આશા છે કે સોમવાર સુધી ચાલુ રહેશે. એક્સપર્ટનું માનવું છે કે જો જુલાઈમાં પણ રૂપિયાની આ સ્થિતિ રહે કે તે વધુ નબળો થાય તો તે પ્રવાસી ભારતીયો માટે ડબલ ફાયદો રહેશે.

### પુતિનનો ચોંકાવનારો જવાબ

# અમેરિકા ઈઝરાયલની પડખે આવ્યું પણ રશિયાએ ઈરાનની મદદ કેમ ન કરી?

## તેઓ આ સંઘર્ષમાં તટસ્થ રહેવાની કોશિશ કરી રહ્યા છે કારણ કે રશિયન ભાષી લોકો ઈઝરાયલમાં મોટી સંખ્યામાં રહે છે

મોસ્કો, તા.૨૩

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવભરી સ્થિતિમાં અમેરિકા ઈઝરાયલના પડખે આવ્યું છે. તેવામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જણાવ્યું કે, અમેરિકા ઈરાનના પરમાણુ ઠેકાણાઓને નિશાનો બનાવ્યા બાદ પણ રશિયા સીધા ઈરાનના બચાવમાં આવવાને બદલે શા માટે સાઈડમાં રહ્યું. રશિયા અને ઈરાન વચ્ચે દાયકાઓથી ગાઢ સંબંધો છે. પુતિને કહ્યું કે, તેઓ આ સંઘર્ષમાં તટસ્થ રહેવાની કોશિશ કરી રહ્યા છે. કારણ કે રશિયન ભાષી લોકો ઈઝરાયલમાં મોટી સંખ્યામાં રહે છે. સેન્ટ પીટર્સગર્બ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમ દરમિયાન પુતિને કહ્યું હતું કે, હું આપનું ધ્યાન એ તરફ આકર્ષિત કરવા ઉચ્છુ કે, પૂર્વ સોવિયત સંઘ અને રશિયન સંઘના બે મિલિયન લોકો ઈઝરાયલમાં રહે છે. જે આજે રશિયન ભાષી દેશ છે. અને અલબત્ત, રશિયાના સમકાલીન ઈતિહાસમાં આપણે હંમેશા આ વાત ધ્યાનમાં રાખીએ છીએ.

રશિયામાં પોતાના સહયોગી પ્રત્યેની વફાદારી પર સવાલ ઉઠાવનારા ટીકાકારોને જવાબ આપતા પુતિને કહ્યું કે, અરબી અને ઈસ્લામી બંને દેશો સાથે રશિયાના સંબંધો ઘણા સમયથી મૈત્રીપૂર્ણ રહ્યા છે. જેમાં રશિયાની ૧૫ ટકા વસ્તી મુસ્લિમ છે. રશિયા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC)માં પણ નિરીક્ષક છે.અમેરિકા દ્વારા ૧૪૦૦૦ કિલોગ્રામના બંકર-બસ્ટર બોમ્બ અને ઓપરેશન મિડનાઈટ હેમરને અંજામ આપ્યા બાદ પુતિનનું નિવેદન સામે આવ્યું હતું. અમેરિકા દ્વારા ઈરાનના પ્રમુખ સૈન્ય ઠેકાણાઓ ફોર્ડો, નતાંજ અને ઈસ્ફહાન પર હુમલા કરાયા હતા. જ્યારે ટ્રમ્પે હુમલાને એક શાનદાર સૈન્ય સફળતા બતાવી અને દાવો કર્યો કે, ઈરાનના મુખ્ય પરમાણુ સંવર્ધન સુવિધાઓ સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગઈ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાક્ચીએ કહ્યું કે, જ્યાં સુધી જવાબી કાર્યવાહી ન કરે ત્યાં સુધી દેશ શાંતિ મંત્રણા કે રાજદ્વારીમાં પરત નહીં આવશે. અગાઉ પુતિને ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરારમાં મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે આ ઓફરને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, મારા પર એક અહેસાન કરો, તમે તમારી જાતે મધ્યસ્થી કરો. પહેલા રશિયા સાથે મધ્યસ્થી કરીએ.

# પવિત્ર કૈલાશ માનસરોવર યાત્રા ૩૦ જૂનથી શરૂ થશે

## આ યાત્રા દર વર્ષે પિથોરાગઢ જિલ્લાના લિપુલેખ પાસથી થઈ રહી છે પરંતુ કોરોનાના કારણે ૨૦૨૦ થી તે બંધ હતી

નવી દિલ્હી, તા.૨૩

કૈલાશ માનસરોવર યાત્રા છેલ્લા પાંચ વર્ષથી બંધ હતી. પરંતુ આ વર્ષે ૩૦ જૂન ૨૦૨૫ થી, આ ધાર્મિક યાત્રા ફરીથી શરૂ થઈ રહી છે, જે ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ યાત્રા દર વર્ષે પિથોરાગઢ જિલ્લાના લિપુલેખ પાસથી થઈ રહી છે. પરંતુ કોરોના મહામારી (કોવિડ) ને કારણે ૨૦૨૦ થી તે બંધ હતી.કૈલાશ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે. કૈલાશને ડેમચોકના નિવાસસ્થાન તરીકે ઓળખવામાં આવે છે. કૈલાશ પર્વત પ્રથમ તીર્થંકર ઋષભદેવ સાથે સંકળાયેલ છે. કૈલાશને સ્વસ્તિક પર્વત (ખાસ કરીને તિબેટી બોન ધર્મમાં) તરીકે પૂજવામાં આવે છે. માનસરોવર તળાવને પવિત્ર માનવામાં આવે છે અને તે હિન્દુ ધર્મ સાથે સંકળાયેલું એક મહત્વપૂર્ણ તીર્થસ્થળ છે.માનસરોવર યાત્રા પ્રાચીન કાળથી ચાલી રહી છે, જેમાં ભક્તો ભગવાન શિવની પૂજા કરે છે અને માનસરોવર તળાવના પવિત્ર [redacted]

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરવું ઇરાન માટે આત્મઘાતી પગલું સાબિત થશે

પેન્ટાગોન, તા.૨૩

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વધુ ભીષણ બન્યું છે. ઈરાન પર અમેરિકાની એર સ્ટ્રાઈક બાદ તણાવ વધુ ચરમસીમા પર પહોંચી ગયો છે. ત્યારે હવે આ વચ્ચે એવી અટકળોએ જોર પકડ્યું છે કે, ઈરાન પોતાના નિયંત્રણ હેઠળના સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ કરી શકે છે અને તેની તરફથી સતત આ ધમકીઓ આપવામાં આવી રહી છે, જે સમગ્ર વિશ્વ માટે મોટો ઝટકો છે. પરંતુ આ અંગે યુએસ પેન્ટાગોનના એક પૂર્વ અધિકારીએ મોટો દાવો કર્યો છે અને કહ્યું છે કે, 'આ ઈરાન માટે આત્મઘાતી પગલું સાબિત થશે અને ખાસ કરીને ચીન ઈરાનને હોર્મુઝ બંધ કરવા નહીં દેશે.'

એક અહેવાલ પ્રમાણે ભલે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની ધમકી આપી રહ્યું હોય, પરંતુ પેન્ટાગોનના પૂર્વ અધિકારી માઈકલ રુબિનનું કહેવું છે કે આ પગલું આત્મઘાતી હશે અને વોશિંગ્ટનથી લઈને બેઈજિંગ સુધી દરેક વ્યક્તિ આ સારી રીતે જાણે છે. વાસ્તવમાં ઈરાનના ત્રણ પરમાણુ ઠેકાણાઓ પર અમેરિકા-ઈઝરાયલની એર સ્ટ્રાઈક બાદ તણાવ વધવાની સાથે જ તેહરાને એક મોટી ચેતવણી જારી કરી છે, જેના હેઠળ હોર્મુઝ સ્ટ્રેટ થોડા જ કલાકોમાં બંધ કરવામાં આવી શકે છે.જોકે, લશ્કરી વિશ્લેષકો અને વ્યૂહાત્મક નિષ્ણાતો આ અંગે શંકા વ્યક્ત કરી રહ્યા છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એક સાંકડો દરિયાઈ ચોકપોઈન્ટ છે અને વ્યૂહાત્મક રીતે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ તેલ માર્ગોમાંનો એક છે, જેના દ્વારા દરરોજ લગભગ ૨૦ મિલિયન બેરલ તેલ ટ્રાન્સપોર્ટ થાય છે.માઈકલ રુબિનના મતે હોર્મુઝમાંથી પસાર થતા ક્રૂડ ઓઈલનો ૪૪% હિસ્સો એશિયામાં જાય છે અને તેમાંથી મોટાભાગનું ચીન અને અમુક અંશે ભારતમાં પહોંચે છે. તેથી, થોડા સમય માટે વિક્ષેપ પડી શકે છે, પરંતુ તેનાથી આગળ અથવા લાંબા સમય સુધી આ બંધ રાખવું તે ખુદ ઈરાન માટે આત્મઘાતી પગલા જેવું હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઈરાનની અર્થવ્યવસ્થા ઈંધણ પર નિર્ભર છે અને આનો અર્થ એ છે કે હોર્મુઝને બંધ કરવાથી તેના વિરોધીઓને નુકસાન થાય તે પહેલાં તેના પોતાના અર્થતંત્રને નુકસાન થશે. રુબિને વધુમાં કહ્યું કે તેની સેના અને અર્થવ્યવસ્થા ખતમ થઈ જશે.

### પુતિને કહ્યું- ઈરાનને જોઈએ એ મદદ કરીશું

# યુદ્ધમાં અમેરિકા બાદ હવે રશિયાની એન્ટ્રી થઇ

**ઈરાન પર અમેરિકી હુમલા બાદ રશિયાએ સોમવારે ઈરાનને હરસંભવ મદદ કરવાની વાત કરી છે**

તેહરાન,તા.૨૩

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૧૦ દિવસોથી ચાલી રહેલો સંઘર્ષ આજે વિશ્વભરમાં ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો મંડાઈ રહ્યો છે. ઈરાન પર અમેરિકી હુમલા બાદ રશિયાએ સોમવારે ઈરાન હરસંભવ મદદ કરવાની વાત કરી છે. વધતા તણાવ વચ્ચે સોમવારે ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે, રશિયા ઈરાનને શક્ય તમામ મદદ આપવા તૈયાર છે. તેમણે કહ્યું કે, ઈરાનને કેવા પ્રકારની મદદ જોઈએ છે, તેનો નિર્ણય તેહરાને કરવાનો છે. અમે ઈરાનને દરેક પ્રકારની મદદ કરવા માટે તૈયાર છીએ. રશિયાએ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લઈને પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ છે. પેસ્કોવે કહ્યું કે, રશિયાનું આ વલણ ઈરાનને સમર્થન કરવાનો એક મહત્વપૂર્ણ માર્ગ છે. અમે આ મુદ્દે ખુલ્લેઆમ અમારુ વલણ દુનિયા સમક્ષ મૂક્યુ છે. પેસ્કોવે કહ્યું કે, 'હાલમાં જ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને અમેરિકાની રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી વાતચીતમાં ઈરાનનો મુદ્દો ઘણીવાર ઉઠ્યો હતો. રાષ્ટ્રપતિ પુતિન અને ટ્રમ્પની હાલમાં થયેલી વાતચીતમાં ઈરાનનો ઉલ્લેખ ઘણીવાર થયો છે.'

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પરમાણુ ઠેકાણા પર અમેરિકાએ કરેલા હુમલાની નિંદા કરી છે. તેમણે સોમવારે મોસ્કોમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાધચી સાથે મુલાકાત દરમિયાન આ હુમલાને કારણ વગરનો ગણાવ્યો હતો. પુતિને કહ્યું કે, તમે એવા સમયે રશિયામાં આવ્યા છો, જ્યારે તમારા દેશ અને સમગ્ર વિસ્તારની હાલત ખૂબ તણાવપૂર્ણ છે. તેમણે અમેરિકી હુમલાને અયોગ્ય ગણાવતાં કહ્યું કે, રશિયા ઈરાની જનતાની હરસંભવ મદદ કરવાની કોશિશ કરી રહ્યું છે.

### પ્રથમ ટેસ્ટ બાદ આઇસીસી ભારતીય સુકાની સામે પગલાં લઈ શકે છે

# ગિલે બ્લેક મોજા પહેરીને ICCના નિયમનો ભંગ કર્યો

**આ માટે રેફરી એ તપાસ કરશે કે શુભમન ગિલે જાણી જોઈને આઇસીસીના નિયમનો ભંગ કર્યો છે કે નહીં**

ગ્લુસેસ્ટર, તા.૨૩

ઈંગ્લેન્ડ સામે પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં રમી રહેલી ભારતીય ટીમે બેટિંગમાં તો શાનદાર દેખાવ કર્યો હતો અને તેના કેપ્ટન શુભમન ગિલે સદી પણ ફટકારી હતી તેમ છતાં ગિલ આ મેચને અંતે મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે. હકીકતમાં ગિલે શુક્રવારે રમતનો પ્રારંભ થયો તે સમયે આઈસીસીની યુનિફોર્મ કોડનો ભંગ કર્યો હતો અને તેણે ટેસ્ટ મેચમાં વ્હાઈટ યુનિફોર્મની અવગણના કરીને કાળા મોજા પહેર્યા હતા જેની ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ નોંધ લીધી હતી. આ પ્રકારે સફેદ સિવાયના મોજા પહેરવા આઈસીસીના નિયમની વિરુદ્ધની બાબત છે.ક્લોથિંગ અને ઈક્વિપમેન્ટ અંગે આઈસીસીના નિયમ ૧૯.૪૫ અન્વયે ટેસ્ટ ક્રિકેટમાં કોઈ પણ ખેલાડી ટેસ્ટ મેચ દરમિયાન સફેદ, ક્રીમ અથવા તો લાઈટ ગ્રે કલરના ક્લોથમાં હોવો જોઈએ પરંતુ ગિલે કાલા કલરના મોજા પહેર્યા હતા. આઈસીસીનો આ નિયમ મે ૨૦૨૩થી અમલી છે. હવે શુભમન ગિલે કરેલા નિયમભંગ માટે તેની ઉપર પગલાં ભરવાનો નિર્ણય ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ ટેસ્ટના રેફરી અને ભૂતપૂર્વ કેરેબિયન ક્રિકેટર રિચી રિચર્ડસન પર રહેલો છે. જો મેચ રેફરી આ બાબતની ગંભીર નોંધ લે તો ગિલ પર મેચ બાદ પેનલ્ટી થઈ શકે છે. આ માટે રેફરી એ તપાસ કરશે કે શુભમન ગિલે જાણી જોઈને આઈસીસીના નિયમનો ભંગ કર્યો છે કે નહીં. શુભમન ગિલ સામે આ નિયમભંગ બદલ તેની મેચ ફીની દસ ટકાથી ૨૦ ટકા રકમનો દંડ થઈ શકે તેમ છે. જોકે તેણે જાણી જોઈને આમ કર્યુ ન હોય અથવા તો તપાસમાં એમ બહાર આવે કે તેના સફેદ મોજા ભીના થઈ ગયા હતા અને તેની પાસે અન્ય વિકલ્પ ન હતો તો રેફરી કદાચ તેને નિર્દોષ જાહેર કરી શકે છે. ટૂંકમાં આ મામલાને રેફરી કઈ રીતે લે છે તેની ઉપર ગિલની સજાનો આધાર રહેલો છે. રેફરી તેની ઉપર લેવલ-૧નો ગુનો જાહેર કરે તો ગિલને મેચ ફીના ૫૦ ટકા રકમ સુધીનો દંડ અથવા ડીમેરિટ પોઈન્ટની પેનલ્ટી લાદી શકાય છે. જોકે લેવલ-૨નો ગુનો લાદવામાં આવે તો તેને એક મેચ માટે પ્રતિબંધિત કરી શકાય છે પરંતુ હાલના તબક્કે મેચ રેફરી એટલી હદ સુધી જાય તેવી શક્યતા ઓછી છે.

### મેઘરાજાનું ધમાકેદાર આગમન થઇ ગયું છે

# ગુજરાતમાં સાર્વત્રિક વરસાદઃ ૧૦ જળાશયો છલકાતા હાઈ એલર્ટ જાહેર

**આ ઉપરાંત ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે**

અમદાવાદ,તા.૨૩

ચાલુ વર્ષે ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થઈ ગયું છે ત્યારે રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામગનર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાયા છે જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

ગત વર્ષે તેમજ ચાલુ વર્ષે પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૪૫.૦૧ ટકા જળ સંગ્રહ ઉપલબ્દ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૦.૧૫ ટકા પાણી સંગ્રહાયેલુ છે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૨૩ જૂન ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૩૮.૨૬ ટકા જળ સંગ્રહ હતો. વધુમાં સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં સૌથી વધુ ૪૮.૧૫ ટકા જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૩.૮૦ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૨.૦૩ ટકા, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૩.૧૦ ટકા તેમજ કચ્છના ૨૦ જળાશયોમાં ૨૮.૭૨ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ સિવાય સરદાર સરોવર સહિત રાજ્યના ૨૫ જળાશયો ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૬૧ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે જયારે ૮૨ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. હાલની સ્થિતિએ સરદાર સરોવરમાં ૧૮ હજાર ક્યુસેકથી વધુ, દમણગંગામાં ૧૬ હજાર ક્યુસેકથી વધુ, વંથલીના ઓઝત-વિઅરમાં ૧૩ હજાર ક્યુસેકથી વધુ તેમજ ઓઝત-વિઅરમાં ૧૩ હજારથી વધુ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

# ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા અમિત નાયકને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

**કોંગ્રેસના પ્રવક્તા અમિત નાયકે અમદાવાદ શહેરના પૂર્વ પ્રમુખ હિંમતસિંહ પટેલ સામે આક્ષેપો બાદ રાજીનામું આપ્યું હતું**

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં આજે વિધાનસભાની બે બેઠકો પર પેટાચૂંટણીમાં હાર બાદ શક્તિસિંહ ગોહિલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે. તો બીજી તરફ ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા અમિત નાયકને પક્ષ વિરોધ પ્રવૃત્તિ બદ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

કોંગ્રેસના પ્રવક્તા અમિત નાયકે અમદાવાદ શહેરના પૂર્વ પ્રમુખ હિંમતસિંહ પટેલ સામે આક્ષેપો બાદ રાજીનામું આપ્યું હતું.

કોંગ્રેસ પ્રવક્તા અમિત નાયકે કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલ અને પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા સાથેનો એક ફોટો મુકીને સોશિયલ મીડિયામાં પક્ષ વિરોધ પોસ્ટ મૂકી હતી. કોંગ્રેસ પ્રદેશ સમિતિ દ્વારા કહેવામાં આવ્યું હતું કે આપના દ્વારા દલિત સમાજ માટે જે શબ્દો વાપરવામાં આવે તો તે એટ્રોસીટીનો ગુનો બને છે તેવા શબ્દો તેમજ બીભત્સ ગાળો આપના દ્વારા જે બોલવામાં આવેલ હતી તેની ઓડિયો ક્લિપ પણ શિસ્ત સમિતિએ સાંભળી છે. કોંગ્રેસના કાર્યકર્તા તરીકે આપના દ્વારા જે અભદ્ર ટીપ્પણી થઈ છે તે ચલાવી શકાય તેમ નથી.

આ ઉપરાંત, એક અન્ય ઓડિયો ક્લિપમાં પૈસાના તોડતાડની વાતો પણ શિસ્ત સમિતિને પ્રાપ્ત થયેલી છે તેને પણ ધ્યાને લેવામાં આવે છે. પક્ષના કોઈપણ કાર્યકર્તાને પક્ષની કોઈપણ બાબત કે કોઈપણ નેતા વિરુદ્ધ મોવડી મંડળને ફરિયાદ કરવાનો પૂરો અધિકાર છે. પરંતુ સોશિયલ મીડિયામાં કે વર્તમાનપત્રોમાં જઈને પક્ષની પ્રતિભાને નુકસાન કરનાર વ્યક્તિની હરકત ચલાવી શકાય નહીં. સામાજિક કાર્યક્રમોમાં કે જાહેર જનતાના કાર્યક્રમોમાં ભાજપના નેતાઓ સાથે કોઈના ફોટા હોય તેને સોશિયલ મીડિયામાં વિકૃત રીતે રજૂ કરવા યોગ્ય ન જ ગણાય. આપના પણ આ પ્રકારના કાર્યક્રમોમાં ભાજપના નેતાઓ સાથેના ફોટાઓ શિસ્ત સમિતિને મળેલ ફરિયાદની સાથે છે, પરંતુ તે શિસ્ત સમિતિએ ધ્યાને લીધેલી નથી.ઉપર જણાવ્યા જણાવ્યા મુજબ (૧) એટ્રોસીટીના કાયદામાં જે ગુનો બને છે તેવા શબ્દોનો પ્રયોગ તથા ગાળીગલોચ, (૨) પૈસાના તોડ માટેની આપની ટેલીફોનિક વાતચીત, (૩) સોશિયલ મીડિયા પર પક્ષને નુકસાન થાય તે રીતે પ્રસિદ્ધ કરવામાં આવેલા લખાણને ધ્યાને લઈને તમોને કોંગ્રેસ પક્ષના બંધારણની જોગવાઈઓને ધ્યાને લઈને કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્યપદેથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.


### લોકેશ કનગરાજની આ ફિલ્મે ૬૮ કરોડની ડીલ કરી

# રજનીકાંતની 'કૂલી'એ ઓવરસીઝ રાઇટ્સમાં ઇતિહાસ સજર્યો

**જો જેલરના આંતરરાષ્ટ્રિય અધિકારોની વાત કરવામાં આવે તો, આ ફિલ્મના અધિકારો માત્ર ૩૫ કરોડમાં વેંચાયા હતા**

મુંબઈ, તા.૨૩

રજનીકાંત અને લોકેશ કનગરાજ પહેલી વખત 'કૂલી'માં એક સાથે કામ કરી રહ્યા છે. હાલ આ ફિલ્મ સૌથી વધુ રાહ જોવાતી તમિલ ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મ પાછળ ઘણું મોટું રોકાણ થયું છે, સાથે જ રજનીકાંત સહિતના સુપરસ્ટાર અને પ્રોડક્શનનાં મોટાં બજેટ પછી આ ફિલ્મ પાસે અપેક્ષાઓ પણ ઘણી છે. તેથી ફિલ્મ માટે એક માહોલ ઉભો કરવા પણ પ્રયત્ન થઈ રહ્યા છે. છેલ્લાં કેટલાંક દિવસોથી ફિલ્મ આસપાસ તેના ઈન્ટરનેશલ અધિકારોને લઈને પણ ઘણી ચર્ચાઓ ચાલે છે. ત્યારે હવે આ અંગે કેટલાંક અહેવાલો આવી રહ્યા છે.કેટલાક સુત્રો દ્વારા મળતી માહતી અનુસાર, 'કૂલી'ના આંતરરાષ્ટ્રિય હકો આયંગરન ઈન્ટરનેશનલને ૬૮ કરોડ જેટલી તગડી રકમમાં વેંચાયા છે. "તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ અત્યાર સુધીની બીજી સૌથી મોટી ડીલ હોવાનું માનવામાં આવે છે. હજુ જો વૉર ૨ સાથે આ ફિલ્મની ટક્કર ન હોત તો આ ફિલ્મને આનાથી પણ મોટી ડીલ મળી હોત. જોકે, રજનીકાંતની ફિલ્મને મળેલી આ સૌથી મોટી ડીલ છે. આ પહેલાં જેલર કે તેની સિક્વલને પણ આટલી મોટી ડીલ મળી નથી."જો જેલરના આંતરરાષ્ટ્રિય અધિકારોની વાત કરવામાં આવે તો, આ ફિલ્મના અધિકારો માત્ર ૩૫ કરોડમાં વેંચાયા હતા. તો કૂલીને તેના કરતાં લગભગ ડબલ રકમની ડીલ મળી છે. તે



આ ફિલ્મની માગ અને અપેક્ષાઓ પણ દર્શાવે છે. કારણ કે આ ફિલ્મમાં રજનીકાંત સિવાય નાગાર્જૂન, ઉપેન્દ્ર અને આમિર ખાન સહીતની મજબુત કાસ્ટ છે. આ પહેલાં થલાપતિ વિજયની ફિલ્મ ફાઇનલને ૭૫ કરોડની ડીલ મળી હતી, તેના પછી કૂલીને ૬૮ કરોડ, ધ ઠગ લાઈફને ૬૩ કરોડ, લીઓને ૬૦ કરોડ અને ગોટને ૫૩ કરોડની ડીલ મળી હતી. જેમ જેમ કૂલી ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવે છે, તેમ પ્રોડ્યુસર્સ ફિલ્મને લઈ બધી જ ડીલ પુરી કરવાની તૈયારી કરી રહ્યા છે, આ ફિલ્મ કમાણીના બધા જ રેકોર્ડ તોડી નાખશે એવી આશા છે. આ ફિલ્મ ૩૭૫ કરોડના બજેટમાં બની છે અને ૨૩૦ થી ૨૪૦ કરોડની આવક માત્ર સેટેલાઈટ રાઈટ્સ, ડિજીટલ રાઈટ્સ અને મ્યુઝિક રાઈટ્સ વેંચીને જ કરી લીધી છે.

### અમદાવાદ અને ગાંધીનગરમાં પણ થશે મેઘમહેર

# ગુજરાતમાં ગાજવીજ સાથે ૭ દિવસ વરસાદ રહેવાની આગાહી

**આ સિવાય જ્યાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે ત્યાં ભારે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે**

અમદાવાદ,તા.૨૩

અમદાવાદઃ ગુજરાત રિજન (સૌરાષ્ટ્ર-કચ્છ સિવાયનો ભાગ) તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ રહેવાની સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે રાજ્યમાં ૭ દિવસ સુધી વરસાદ રહેવાની સંભાવનાઓ છે, ઓરેન્જ એલર્ટ સાથે આજના દિવસમાં કેટલાક ભાગોમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે જ્યાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય જ્યાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે ત્યાં ભારે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ઓરેન્જ એલર્ટ દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ તથા દમણ અને દાદરા અને નગર હવેલીનો સમાવેશ થાય છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે યલો એલર્ટ સાથે ભારે વરસાદની સંભાવનાઓ બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, મહીસાગર, ડાંગ અને તાપી માટે વ્યક્ત કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર અને બોટાદ માટે યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. એકે દાસે વધુમાં જણાવ્યું છે કે, ૨૫થી ૨૯ જૂન એમ ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં ગુજરાત રિજન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં થંડરસ્ટોર્મ એક્ટિવિટી થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. ૨૪મી જૂન માટેની જે સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે તેમાં ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી, મહીસાગર, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને દમણ તથા દાદરા અને નગર હવેલીમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળો પર ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે. હવામાન વિભાગની ૪ વાગ્યાની આગાહીમાં દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, સુરત અને વલસાડમાં વરસાદની વોર્નિંગ આપવામાં આવી છે. આ જિલ્લાઓના નકશાને રેડ કલરમાં દર્શાવવામાં આવ્યા છે. આ સિવાય દક્ષિણ સૌરાષ્ટ્રના જૂનાગઢ અને ભાવનગરનો પણ સમાવેશ થાય છે જ્યાં વરસાદનું વોર્નિંગ આપવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ૪ જિલ્લાઓની સાથે દમણ, દાદરા અને નગર હવેલીમાં પણ રેડ કલર સાથે વોર્નિંગ આપવામાં આવી છે.

### છેલ્લા એક દાયકાથી રાજ્યનો સાક્ષરતા દર ૯૦ ટકાથી વધુ

# ગોવા અને મિઝોરમ બાદ ત્રિપુરા દેશનું ત્રીજુ સંપૂર્ણ સાક્ષર રાજ્ય

**કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત માપદંડો અનુસાર, ૯૫ ટકાથી વધુ સાક્ષરતા હાંસલ કરનારા રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને પૂર્ણ સાક્ષરતાનો દરજ્જો મળે છે**

ગોવા,તા.૨૩

ગોવા અને મિઝોરમ બાદ ત્રિપુરા ત્રીજુ સંપૂર્ણ સાક્ષરતા ધરાવતું રાજ્ય બન્યું છે. તેનો સાક્ષરતા દર ૯૫.૬ ટકા નોંધાયો છે. છેલ્લા એક દાયકાથી રાજ્યનો સાક્ષરતા દર ૯૦ ટકાથી વધુ રહ્યો હતો. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આ અંગે માહિતી આપી હતી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રીતિ મીણાએ એક કાર્યક્રમમાં આ અંગે જણાવ્યું હતું કે, મિઝોરમ અને ગોવા બાદ ત્રિપુરા ત્રીજુ સંપૂર્ણ સાક્ષર રાજ્ય બન્યું છે.

યુનેસ્કોની ૯૫ ટકા સાક્ષરતા દરની વ્યાખ્યાને અનુરૂપ ત્રિપુરાને સંપૂર્ણ સાક્ષર રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે. પિરિયોડિક લેબર સર્વે ૨૦૨૩-૨૪ના રિપોર્ટ અનુસાર, ત્રિપુરાનો સાક્ષરતા દર ૯૩.૭ ટકા નોંધાયો હતો. જો કે, ઉલ્લાસ અભિયાનની વર્તમાન સફળતાના પગલે આ આંકડો વધી ૯૫.૬ ટકા થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત માપદંડો અનુસાર, ૯૫ ટકાથી વધુ સાક્ષરતા હાંસલ કરનારા રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને પૂર્ણ સાક્ષરતાનો દરજ્જો મળે છે. મીણાએ આગળ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર વિવિધ યોજનાઓ મારફત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (ટકાઉ વિકાસ લક્ષ્યાંકો)ના માધ્યમથી ભારતને ૨૦૩૦ સુધીમાં સંપૂર્ણ સાક્ષર રાષ્ટ્ર બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે. નવશિખાઉ લોકોને શિક્ષણ ચાલુ રાખવા અપીલ છે. જેથી ૨૦૨૭ની વસ્તી ગણતરીમાં, ત્રિપુરાને સંપૂર્ણ સાક્ષર રાજ્ય તરીકે નોંધવામાં આવે. ભારત સરકારે અગાઉ ૨૦૨૨-૨૦૨૭ માટે કેન્દ્રિય પ્રાયોજિત યોજના **ULLAS** શરૂ કરી હતી જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત તમામ માટે શિક્ષણ (જેને અગાઉ પુખ્ત શિક્ષણ તરીકે ઓળખવામાં આવતું હતું) ના તમામ પાસાઓને આવરી લે છે. ત્રિપુરાના મુખ્યમંત્રી ડો. માણિક સાહાએ આ અંગે જણાવ્યું હતું કે ૧૯૬૧ માં, રાજ્યનો સાક્ષરતા દર માત્ર ૨૦.૨૪ ટકા હતો. અસંખ્ય પડકારોને પાર કરીને, રાજ્યનો સાક્ષરતા દર સતત વધી સ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં ૮૭.૨૨ ટકા સુધી પહોંચ્યો હતો. જે ૨૦૦૧ માં ૭૩.૬૬ ટકા હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ માટેના વિઝનમાં સાક્ષરતા એક મહત્વપૂર્ણ ઘટક છે. વધુમાં મુખ્યમંત્રીએ દાવો કર્યો કે માથાદીઠ આવક અને **GDP**માં, ત્રિપુરા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં બીજા ક્રમે છે.

### અમદાવાદના વાતાવરણમાં પલટો

# મોડી સાંજે અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ

**ધીમી ધારે વરસાદ પડવાને કારણે બફારાથી કંટાળેલા શહેરીજનોએ હાશકારો લીધો હતો અને લોકોએ વરસાદનો આનંદ માણ્યો હતો**

અમદાવાદ, તા.૨૩

સમગ્ર રાજ્યમાં હાલ વરસાદી માહોલ છે. સુરતમાં એક જ દિવસમાં ૮ ઈંચ વરસાદ વરસ્યો છે. ત્યારે અમદાવાદના વાતાવરણમાં પણ અચાનકથી મોડી સાંજે પલટો આવ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં મોડી સાંજે વરસાદ વરસ્યો હતો. જેમાં સેટેલાઈટ, પ્રહલાદનગર, એસજી હાઈવે સહિત પૂર્વના પણ ઘણા બધા વિસ્તારોમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. ધીમી ધારે વરસાદ પડવાને કારણે બફારાથી કંટાળેલા શહેરીજનોએ હાશકારો લીધો હતો અને લોકોએ વરસાદનો આનંદ માણ્યો હતો.

જોકે રાજ્યમાં આજે સૌથી વધારે વરસાદ સુરતમાં પડ્યો છે. સુરતમાં ભારે વરસાદને કારણે શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના મોટા ભાગના વિસ્તારમાં ભારે માત્રામાં પાણી ભરાઈ ગયા છે. જેમાં સૂર્યપુર ગરનાળા પાસે ગળાડૂબ પાણી ભરાઈ ગયા હતા જેના કારણે બેંકના ૧૩ કર્મચારીઓ ફસાઈ ગયા હતા. આ કર્મચારીઓનું પોલીસ જવાનોએ ફાયર વિભાગની મદદથી રેસ્ક્યુ કર્યું છે. પોલીસ જવાનોએ ગળાડૂબ પાણીમાં ઉતરીને આ બેંક કર્મચારીઓનું રેસ્ક્યુ કર્યું હતું. જેમાં જવાનોએ પોતાના જીવને જોખમમાં મૂકી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

એક જ દિવસમાં અહીંયા ૮ ઈંચ વરસાદ પડતા શહેરના રોડ રસ્તા પર જાણે કે નદીઓ વહેતી હોય તેવી હાલત જોવા મળી હતી. ભારે વરસાદને કારણે અહીંયા વાહનો પણ પાણીમાં ડૂબી ગયા હતા.વરાછામાં ભારે વરસાદને લઈને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સતત ધોધમાર વરસાદને કારણે અહીંયા ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે લોકોને ઘણી તકલીફનો સામનો કરવો પડ્યો હતો. સાથે જ અહીંયા વાહનચાલકો ખાસ કરીને વધારે હેરાન થયા હતા.

ભારે વરસાદની સ્થિતિ બાદ સુરતની તમામ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. વરસાદની સ્થિતિને જોતા હ્રઈએ રજા જાહેર કરવા સૂચના આપી છે. શહેરમાં વિવિધ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હોવાને કારણે શાળાએ આવેલા વિદ્યાર્થીઓને પણ સલામત રીતે જલ્દીથી જલ્દી ઘરે પહોંચે એના માટેની વ્યવસ્થા કરવાની સૂચના આપી છે.

# સુરતમાં આભ ફાટ્યું, ૬ કલાકમાં ૭ ઈંચથી વધુ વરસાદ

**માંગરોળ, પલસાણા, ચોરાસી, ઉમરપાડા, બારડોલી, ઓલપાડ તાલુકામાં વરસાદે જોરદાર બેટિંગ કરતાં ૭ થી ૧ ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે**

સુરત,તા.૨૩

ગુજરાતમાં હાલમાં ભારે વરસાદનો દોર શરુ થઈ ગયો છે ત્યારે સાબરકાંઠા બાદ આજે મેઘરાજાએ સુરતનો વારો પાડ્યો હોય તેમ જણાય છે. સુરત જિલ્લામાં આજે મેઘો મહેરબાન થતાં જાણે આભ ફાટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ સુરત શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સવારના ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીના ફક્ત ૬ કલાકમાં ૭.૨૪ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. સુરત શહેર ઉપરાંત સુરત જિલ્લામાં કામરેજ, માંડવી, માંગરોળ, પલસાણા, ચોરાસી, ઉમરપાડા, બારડોલી, ઓલપાડ તાલુકામાં વરસાદે જોરદાર બેટિંગ કરતાં ૭ થી ૧ ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે. સુરતથી મળતાં અહેવાલો અનુસાર અડાજણ પાટિયાના વીડિયોના દૃશ્યો જણાવી રહ્યા છે કે રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે. અનેક લોકોના વાહનો ઘૂંટણ સમા પાણીમાં ભરાઈ જવાથી ટ્રાફિક પોલીસના કર્મીઓ દ્વારા પણ લોકોને મદદ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. ચારેકોર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળાઓમાં બપોરની પાળીમાં રજા જાહેર કરવામાં આવી છે. સવારની પાળીમાં વિદ્યાર્થીઓને સલામત ઘરે મૂકવા માટે સૂચના આપવામાં આવી છે દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ સુરત શહેરમાં ચોમાસાની ધમાકેદાર ઈનિંગ યથાવત્ જોવા મળી રહી છે. ગઈકાલે રાત્રે પણ મૂશળધાર વરસાદ બાદ, આજે વહેલી સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસતાં શહેરભરમાં વરસાદી માહોલ છવાઈ ગયો છે.

### નર્મદા ડેમ છલકાયો

# ગરુડેશ્વર વિયર ડેમ ઓવરફ્લો થતાં નર્મદા નદી બે કાંઠે થઈ

**પાણીની વિપુલ આવકને પગલે નર્મદા નિગમ દ્વારા વીજ ઉત્પાદન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે**

રાજપીપળા,તા.૨૩

રાજપીપળાના નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ડેમમાં પાણીની સતત આવક થઈ રહી છે. ઉપરવાસમાં ધોધમાર વરસાદને લીધે હાલ પ્રતિ સેકન્ડે ૧૮ હજાર ક્યુસેક પાણી ડેમમાં પ્રવેશી રહ્યું છે. પાણીની વિપુલ આવકને પગલે નર્મદા નિગમ દ્વારા વીજ ઉત્પાદન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ડેમના આરબીપીએચ (રિવર બેડ પાવર હાઉસ) અને સીએચપીએચ (કેનાલ હેડ પાવર હાઉસ)ના ટર્બાઈન કાર્યરત કરી દેવાયા છે. ખાસ કરીને, આરબીપીએચના ટર્બાઈન થકી ૨૪ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પરિણામે, નર્મદા ડેમથી ૧૨ કિલોમીટર દૂર ગરુડેશ્વર ખાતે આવેલો વિયર ડેમ ઓવરફ્લો થઈ રહ્યો છે.આ સાથે જ, નર્મદા જિલ્લામાં પણ ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે. વિયર ડેમ ઓવરફ્લો થવાના કારણે નર્મદા નદી હાલ બે કાંઠે વહી રહી છે. નર્મદા ડેમથી વિયર ડેમ સુધીના ૧૨ કિલોમીટરના પટ્ટામાં નર્મદા નદીનું પાણી સંગ્રહિત થાય છે, જે આજે છલકાઈ રહ્યું છે. પ્રવાસીઓ પણ આ ભવ્ય નજારો જોઈને હરખાઈ રહ્યા છે.

### તાપી નદી બે કાંઠે વહેતી થઈ છે

# વરસાદમાં સુરતનો વિયર કમ કોઝવે ઓવર ફ્લો, વાહન વ્યવહાર બંધ કરાયા

**રાત્રિના ત્રણ વાગ્યે રાંદેર-સિંગણપોર વચ્ચે બનાવવામાં આવેલો વિયર કમ કોઝવે તેની ભયજનક સપાટીથી ઉપર વહેતા કોઝવે વાહન વ્યવહાર માટે બંધ કરાયો હતો**

સુરત,તા.૨૩

સુરત શહેર સહિત જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદના કારણે રાંદેર વિસ્તારનો વિયર કમ કોઝવે ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. જેના કારણે કોઝવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. જેથી વાહનચાલકોએ ડભોલી જહાંગીરપુરા બ્રિજ અને ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા છે. આ કોઝવેને ઓવર ફ્લો થતો જોવા માટે લોકો એકઠા થઈ રહ્યા છે.

સુરતમાં વરસાદની શરુઆત સાથે જ જિલ્લામાં પણ વરસાદ પડી રહ્યો છે અને શહેર અને જિલ્લાનું પાણી પણ તાપી નદીમાં આવી રહ્યું છે. ભારે વરસાદના કારણે જ તાપી નદી બે કાંઠે વહેતી થઈ છે, ત્યારે રાત્રિના ત્રણ વાગ્યે રાંદેર-સિંગણપોર વચ્ચે બનાવવામાં આવેલો વિયર કમ કોઝવે તેની ભયજનક સપાટીથી ઉપર વહેતા કોઝવે વાહન વ્યવહાર માટે બંધ કરાયો હતો. જ્યારે આ કોઝવેનો વાહન વ્યવહાર અન્ય જગ્યાએ ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. વિયર કમ કોઝવે ઓવર ફ્લો થાય છે ત્યારે નયનરમ્ય દૃશ્ય જોવા મળે છે તેને જોવા માટે સુરતીઓ વરસતા વરસાદમાં કોઝવેની બંને તરફ બનાવામાં આવેલા ગાર્ડન પર પહોંચ્યા હતા. આ ગાર્ડનમાંથી કોઝવેનો ઓવર ફ્લો થતો નજારો લોકોએ માણ્યો હતો. આ ધોધમાર વરસાદને કારણે સુરત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના શરુ થતાં, જનજીવન પર તેની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. સોમવારે વહેલી સવારથી વરસી રહેલા અવિરત વરસાદને પગલે કલેક્ટરે સવાર પાળીના બાળકો ઝડપથી ઘરે પહોંચે અને બપોર પાળીના બાળકોને રજા આપવા માટે સૂચન કર્યું છે.

સુરત શહેરમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ હાલ સર્જાઈ છે. સવારે આઠથી દસ દરમિયાન માત્ર બે કલાકમાં પોણા છ ઈંચ વરસાદને લીધે શહેરમાં ચારેબાજુ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતાં જનજીવન થંભી ગયું હતું.

### પહેલાં કદી ન જોઈ હોય તેવી તબાહી માટે અમેરિકા તૈયાર રહે : ખામેનેઇ

# ઈરાનનાં પરમાણુ સંસ્થાનો પર એરસ્ટ્રાઇક કર્યા પછી સમગ્ર અમેરિકામાં હાઈ-એલર્ટ

## સત્તાવાળાઓની નાગરિકોને કોઈ પણ શંકાસ્પદ પદાર્થ કે હિલચાલથી દૂર રહેવા અને પોલીસને જાણ કરવા તાકીદ

વૉશિંગ્ટન, તા.૨૩

ઈરાનનાં પરમાણુ સંસ્થાનો પર એર-સ્ટ્રાઈક પછી સમગ્ર અમેરિકામાં હાઈ એલર્ટ જાહેર કરાયો છે. દરમિયાન ઈરાનનાં પરમાણુ સંસ્થાનોના નાશ પછી ધૂંધવાઈ ગયેલા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલિ ખામેનીએ ખુલ્લો પડકાર ફેંકતાં જણાવી દીધું છે કે, પૂર્વે કદી ન જોઈ હોય તેવી તબાહી માટે હવે અમેરિકા તૈયાર રહે. આ સાથે ન્યૂયોર્કનાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર ઓસામા બિન લાદેને કરાવેલા સંહારક એરોપ્લેન-હુમલાની યાદ પણ તાજી થઈ ગઈ છે.સંભવ બહુ સ્પષ્ટ છે કે ટ્રમ્પે આ પ્રચંડ હુમલાઓ પૂર્વે દેશની આંતરિક સલામતી વિષે વિચારી જ લીધું હશે.અમેરિકાનાં દરેક શહેરોમાં વિશેષતઃ મોટાં શહેરોમાં નાગરિકોને કોઈ પણ શંકાસ્પદ વસ્તુથી દૂર રહેવા જણાવી દીધું છે. સાથે તેવી પણ સૂચના આપી છે કે કોઈપણ શંકાસ્પદ હીલ-ચાલ જોવા મળે કે કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળે તો તુર્ત જ પોલીસને જાણ કરવી. વાત બહુ સીધી છે. મધ્યપૂર્વની સ્થિતિ લગભગ વિસ્ફોટક બની રહેતાં સત્તાવાળાઓએ આ ચેતવણી આપી છે, સાથે અગ્નિ-શામકો અને આપત્તિ કાલીન સહાયકર્મીઓ તેમજ સ્વયં સેવકોને તૈનાત રહેવા જણાવી દેવાયું છે.ન્યૂયોર્ક સીટી પોલીસે જણાવ્યું હતું કે ઈરાનમાં બની રહેલી ઘટનાઓ ઉપર તેઓ સતત નજર રાખી રહ્યાં છે. ન્યૂયોર્કમાં રહેલાં તમામ ધાર્મિક સંસ્થાનો, સાંસ્કૃતિક કેન્દ્રો, શૈક્ષણિક કેન્દ્રો અને રાજદ્વારી કાર્યાલયોની સલામતી માટે સવિશેષ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. મિત્ર દેશોના દૂતાવાસોનાં રક્ષણ માટે પૂરી તકેદારી રાખવામાં આવી રહી છે.

કોઈ પણ પ્રકારની ભીતિ માટે અમે સતત જાગૃત છીએ.આ પછી લગભગ તુર્ત જ પાટનગર વૉશિંગ્ટન (ડીસી)નાં પોલીસ તંત્રે એક નિવેદન દ્વારા જણાવ્યું હતું કે, અમે સ્થાનિક, રાજ્યસ્તરની અને સમવાયતંત્રી લૉ-એન્ફોર્સમેન્ટ એજન્સી સાથે માહિતીની આપ-લે કરતા જ રહીએ છીએ. તેમજ જાસૂસી માહિતી પણ મેળવતા રહીએ છીએ. જેથી શહેરીજનો અને વ્યાપાર સંકુલો તેમજ ધાર્મિક સંસ્થાનોનું રક્ષણ કરવા પૂરી વ્યવસ્થા ગોઠવી રહ્યાં છીએ. અત્યારે કોઈ ભીતિ દેખાતી નથી પરંતુ ક્યારે શું થશે તે કહી શકાય તેમ નથી. લોસએન્જલસનાં મેયર કોરન બાસે ઠ ઉપરના પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈરાન પર હવાઈ હુમલા થયા પછી શહેરમાં નાગરિકોની સલામતી માટે અમે સતત સતર્ક રહ્યાં છીએ. ભલે તત્કાળ કોઈ ભીતિ દેખાતી ન હોય છતાં પરિસ્થિતિનો તકાદો જ તેવો છે કે જનતાની સલામતી માટે સતત તૈયાર રહેવું જ પડે તેમ છે.દરમિયાન ખામેનીએ કહી દીધું છે કે પહેલાં કદી ન જોઈ હોય તેવી તબાહી માટે અમેરિકા તૈયાર રહે. ઈરાનનાં સ્ટેટ ટેલિવિઝને પણ ટ્રમ્પને ચેતવણી આપતાં કહ્યું છે કે, અમેરિકાએ અમારી આકાશ સીમા ભેદી છે. હવે પશ્ચિમ એશિયામાં રહેલાં દરેક અમેરિકન સૈનિક કે અમેરિકન નાગરિક અમારાં નિશાન પર છે. મિ. પ્રેસિડેન્ટ યુ સ્ટાર્ટેડ ઈટ એન્ડ વી વિલ એન્ડ ઈટ.તેના વળતા જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે જો વળતો હુમલો કરાશે તો તેનો તેથી પણ કટ્ટર જવાબ અપાશે.ટૂંકમાં મધ્યપૂર્વમાં પરિસ્થિતિ સ્ફોટક બની રહી છે. ભીતિ તે છે કે આ મહાયુદ્ધ વિશ્વયુદ્ધને ન નોતરે.

### પાકિસ્તાને નોબેલ શાંતિ પુરસ્કાર માટે ટ્રમ્પના નામની ભલામણ કરી

# હું ગમે તે કરું પણ નોબેલ પુરસ્કાર નહીં મળે: ટ્રમ્પે વ્યથા ઠાલવી

## યુએસ પ્રમુખે ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચે શસ્ત્રવિરામ કરાવ્યું હોવાનું રટણ કર્યું

વૉશિંગ્ટન, તા.૨૩

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, હું ગમે તે કરું પણ મને નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર અફસોસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવવા બદલ અથવા રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષને રોકવાના પ્રયાસો છતાં મને નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે.ટ્રુથ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, મેં અને વિદેશ મંત્રી માર્કો રુબિયોએ છેલ્લાં કેટલાંક સમયથી લોહીયાળ યુદ્ધ કરી રહેલાં કોંગો અને રવાન્ડાને સમજૂતી કરવા મનાવી લીધાં છે. બંને દેશોના પ્રતિનિધિઓ સોમવારે આ સમજૂતી પર હસ્તાક્ષર કરવા વૉશિંગ્ટન આવશે. તેમણે આફ્રિકા અને સમગ્ર વિશ્વ માટે આ દિવસને મહાન ગણાવ્યો હતો. જોકે આમ છતાં મને મારા આ પ્રયાસો બદલ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. મને તેના માટે નોબેલ નહીં મળે, ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવવા બદલ કે સર્બિયા અને કોસોવો વચ્ચેનું યુદ્ધ અટકાવવા બદલ પણ મને નોબેલ નહીં મળે તેમ તેમણે બળાપો વ્યક્ત કરતાં જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પહેલગામમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ કરેલાં અમાનવીય હુમલાને પગલે ભારતે પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ પર હુમલો કરી તેને નષ્ટ કર્યા હતાં. ભારતના વળતાં જવાબને પગલે બંને દેશો વચ્ચે ત્રણ દિવસ સુધી લડાઈ ચાલી હતી. છેવટે ૧૦ મેના રોજ બંને દેશોના સૈન્ય વડાઓએ પારસ્પારિક વાતચીત બાદ શસ્ત્રવિરામની જાહેરાત કરી હતી. ટ્રમ્પ સતત એવું રટણ કરતાં આવ્યાં છે કે, આ યુદ્ધવિરામ મેં કરાવ્યો છે. જોકે ભારતે શરૂઆતથી જ સ્પષ્ટ કહ્યું છે કે, પાકિસ્તાને યુદ્ધવિરામ માટે કરેલી પહેલને પગલે યુદ્ધવિરામ થયો હતો. તેમાં ત્રીજા કોઈ દેશે મધ્યસ્થી કરી નહોતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને અટકાવવામાં મહત્વની ભૂમિકા બદલ પાકિસ્તાન સરકારે ૨૦૨૬ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નામની ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પાકિસ્તાની સૈન્યના વડા અસિમ મુનિરને ભોજન કરાવ્યાના ત્રણ દિવસ બાદ પાકિસ્તાન સરકારે આ જાહેરાત કરી છે. માઈક્રો બ્લોગિંગ સાઈટ એક્સ પરની એક પોસ્ટમાં પાકિસ્તાને જણાવ્યું છે કે, પાકિસ્તાન સરકારે ૨૦૨૬ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ જે ટ્રમ્પના નામની ભલામણ કરી છે. પોસ્ટમાં વધુમાં જણાવ્યાં અનુસાર, પ્રાદેશિક તણાવના માહોલ વચ્ચે પ્રેસિડેન્ટ ટ્રમ્પે ઈસ્લામાબાદ અને નવી દિલ્હી સાથે રાજદ્વારી સંવાદ સાધી કુશળ વ્યૂહાત્મક ક્ષમતા અને મુત્સદીગીરી દર્શાવી હતી.

### છેલ્લે ૨૦૦૪ લોકસભા ચૂંટણીમાં આ પ્રક્રિયા હાથ ધરાઈ હતી

# બિહારમાં ચૂંટણી પૂર્વે મતદાર યાદી સુધારણા હેઠળ ડોર ટુ ડોર વેરિફેકિશન

## નાગરિક સંગઠનો, રાજકીય પક્ષો તથા અન્ય કેટલાક લોકોએ મતદાર યાદીમાં નામ ઉમેરવા તથા કમી કરાવવા બાબતે સવાલો ઉઠાવ્યા હતા

પટના, તા.૨૩

બિહાર વિધાનસભા ચૂંટણી અગાઉ મતદાર યાદી સુધારણા હેઠળ ચૂંટણી પંચે ડોર ટુ ડોર વેરિફિકેશનની યોજના ઘડી છે. પ્રાપ્ત વિગતો મુજબ નાગરિક સંગઠનો, રાજકીય પક્ષો તથા અન્ય કેટલાક લોકોએ મતદાર યાદીમાં નામ ઉમેરવા તથા કમી કરાવવા બાબતે સવાલો ઉઠાવ્યા હતા. ચૂંટણી પંચ ભાજપને મદદ કરી રહ્યું હોવાના આક્ષેપો પણ થયા હતા, જેને પગલે હવે બિહાર વિધાનસભા પૂર્વ કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણા અને ચકાસણી માટે મહાઝૂંબેશ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.અધિકારીઓના મતે સંપૂર્ણ પ્રક્રિયાનું પાલન કરાતું હોવા છતાં અને નિયમો મુજબ યાદીમાં નામ ઉમેરાતું કે કમી કરાતું હોવા ઉપરાંત ચૂંટણી પંચ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવે છે. કોંગ્રેસ સહિતના પક્ષો ભાજપને મદદ કરવા આંકડાઓની હેરાફેરી કરાતી હોવાનો આરોપ લગાવતા હોય છે. મતદાર યાદીમાં સુધારણા સમયે નિયત પ્રોટોકોલનું પાલન કરવામાં આવે છે અને આ સમગ્ર પ્રક્રિયા પારદર્શકતા સાથે તેમજ રાજકીય પક્ષોની સતત દેખરેખ હેઠળ થતી હોય છે.બિહાર વિધાનસભાની ચૂંટણી પૂર્વે ચૂંટણી પંચ રાજ્યમાં મતદાર યાદીની કડક ચકાસણીમાં કરવા ડોર ટુ ડોર વેરિફિકેશન કરશે. સૂત્રના મતે આનો ઉદ્દેશ મતદાર યાદીમાં કોઈ ભૂલ ના રહે અને તે સચોટ હોય. બિહારમાં અગાઉ પણ આ તર્જ પર મતદાય યાદીની સઘન ચકાસણી કરાઈ હતી. છેલ્લે ૨૦૦૪ લોકસભા ચૂંટણીમાં આ પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

### અમરોલીમાં પાર્ટી પ્લોટ નજીક ભુવો પડ્યો

# સુરતમાં વરસાદી પાણીના ભરાવા સાથે ભુવા પડવાનું પણ શરુ

## કતારગામ ઝોનમાં આવેલા અમરોલી વિસ્તારમાં એક મોટો ભુવો પડ્યો છે જોકે, હજી સુધી પાલિકા તંત્ર પહોંચ્યું ન હોવાથી અકસ્માતની ભીતિ છે

સુરત,તા.૨૩

સુરતમાં આજના દેમાર વરસાદ બાદ પાણીના ભરાવાની સમસ્યા સાથે હવે ભુવા પડવાની સમસ્યા પણ બહાર આવી રહી છે. શહેરના કતારગામ ઝોનમાં આવેલા અમરોલી વિસ્તારમાં એક મોટો ભુવો પડ્યો છે જોકે, હજી સુધી પાલિકા તંત્ર પહોંચ્યું ન હોવાથી અકસ્માતની ભીતિ છે. સુરતમાં પાલિકાની પ્રિમોન્સુન કામગીરી સામે પહેલેથી જ સવાલ ઉઠી રહ્યા છે તેમાં આજે ઠેર ઠેર પાણીના ભરાવાના કારણે શહેરના અનેક વિસ્તારમાં લોકોની હાલત કફોડી થઈ રહી છે. લોકો પાલિકાની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. હાલમાં પાણી ભરાવાની સમસ્યા સાથે સાથે હવે ભુવા પડવાની સમસ્યા શરૂ થઈ છે. આજે સવારે અમરોલી વિસ્તારમાં આવેલા રજવાડી પાર્ટી પ્લોટ સંસ્કૃત રો-હાઉસ નજીક રસ્તા પર મોટો ભુવો પડી ગયો છે. જોકે, બપોર સુધી તંત્ર પહોંચ્યું ન હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વરસાદના પાણી ઓસર્યા બાદ અનેક જગ્યાએ ભુવા પડવા કે ટ્રેન્ચ બેસી જવાની ફરિયાદ બહાર આવે તેવી શક્યતા નકારી શકાતી નથી.

### શક્તિસિંહે નિષ્ફળતાની જવાબદારી સ્વીકારી

# પેટા ચૂંટણીમાં કારમી હાર બાદ શક્તિસિંહ ગોહિલે પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું

## નવા પ્રમુખની નિમણૂક ન થાય ત્યાં સુધી શૈલેષ પરમારને જવાબદારી, કડી-વિસાવદરના પરિણામો આઘાતજનક ગણાવ્યા

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં આજે એક મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે પત્રકાર પરિષદ યોજીને આ જાહેરાત કરી અને જણાવ્યું કે, "પ્રદેશ પ્રમુખ તરીકે મારી આ છેલ્લી પ્રેસ કોન્ફરન્સ છે." તેમણે કડી અને વિસાવદર પેટાચૂંટણીના પરિણામોને "આઘાતજનક" ગણાવ્યા હતા અને પોતાના નેતૃત્વ હેઠળ અપેક્ષિત પરિણામો ન આવતા હોવાની જવાબદારી સ્વીકારીને આ પગલું ભર્યું છે.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં સંગઠન સુધારણા કાર્યક્રમની શરૂઆત ગુજરાતથી થઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, જિલ્લા કક્ષાએ કાર્યકરોનો અવાજ સાંભળીને જિલ્લા પ્રમુખની નિમણૂક કરવામાં આવી રહી છે, અને જિલ્લા તથા શહેર પ્રમુખની નવી નિમણૂકથી કોંગ્રેસને નવું બળ મળ્યું છે. તેમણે ભાવનગર શહેર અને જિલ્લામાં પણ યોગ્ય અને સક્ષમ ઉમેદવારો હોવાનું જણાવ્યું.

ગોહિલે પોતાના રાજીનામા પાછળનું કારણ સ્પષ્ટ કરતા કહ્યું કે, "મારા નેતૃત્વમાં પરિણામ ન આવી શક્યું, તેથી હું રાજીનામું આપું છું." તેમણે કોંગ્રેસના કાર્યકરોની પ્રશંસા કરતા કહ્યું કે, "અમારા કાર્યકરો ૩૦ વર્ષ સુધી સત્તામાં ન હોવા છતાં લડ્યા છે." આ દર્શાવે છે કે તેઓ સંગઠનની નિષ્ઠાને સન્માન આપે છે, પરંતુ વ્યક્તિગત રીતે નૈતિક જવાબદારી સ્વીકારી રહ્યા છે.

શક્તિસિંહ ગોહિલે રાષ્ટ્રીય અધ્યક્ષને પોતાનું રાજીનામું મોકલી આપ્યું છે. જ્યાં સુધી નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક ન થાય ત્યાં સુધી તેમણે આ જવાબદારી શૈલેષ પરમારને સોંપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસમાં સંગઠન બદલાવની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અને આ રાજીનામું તે દિશામાં એક મોટું પગલું છે. હવે કોંગ્રેસ હાઈકમાન્ડ કોને ગુજરાતની કમાન સોંપે છે,તે જોવું રસપ્રદ રહેશે. આ નિર્ણય ગુજરાત કોંગ્રેસ માટે એક નવા અધ્યાયની શરૂઆત સમાન છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યા બાદ, શક્તિસિંહ ગોહિલે આજે સ્પષ્ટતા કરી કે તેમનું આ પગલું વ્યક્તિગત જવાબદારી સ્વીકારવાનું પરિણામ છે, અને તેઓ કોઈને મનાવવામાં આવે તેવી પરિસ્થિતિ ઊભી કરવા માંગતા નહોતા. તેમણે જણાવ્યું કે, "હું નહોતો ઈચ્છતો કે રાજીનામું આપું અને મને મનાવવામાં આવે. મેં મારી જવાબદારી સ્વીકારી રાજીનામું આપ્યું છે. કોંગ્રેસમાં મોરલ રિસ્પોન્સિબિલિટી (નૈતિક જવાબદારી) ની પરંપરા રહી છે."

ગોહિલે જિલ્લા અને શહેર પ્રમુખોની નિયુક્તિ અંગે વાત કરતા કહ્યું કે, જિલ્લા કક્ષાએ તમામ કાર્યકરોની વાત સાંભળવામાં આવી હતી. AICC (ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી) એ તમામ સારા ઉમેદવારોને સાંભળ્યા, જે બાદ જિલ્લા પ્રમુખોના નામ પર મહોર મારવામાં આવી હતી. તેમણે દાવો કર્યો કે, "ગુજરાતના કાર્યકરોને નવું બળ અને જોશ મળ્યા છે."

તેમણે સ્વીકાર્યું કે, "પક્ષ કે પરિવારમાં નિર્ણયો સમયે અમુક લોકોને સમસ્યા હોઈ શકે છે," પરંતુ ભારપૂર્વક કહ્યું કે, "શક્તિસિંહ ગોહિલને અનુરૂપ હોય એવા જિલ્લા પ્રમુખો નહીં પણ પાર્ટીને અનુરૂપ હોય એવા પ્રમુખો આવ્યા છે."

ભાવનગરમાં પણ જે નામો આવ્યા તે કાર્યકરોની સર્વસંમતિથી જ આવ્યા હોવાનું તેમણે જણાવ્યું.

ગોહિલે કડી અને વિસાવદર પેટાચૂંટણીના પરિણામોને "આઘાતજનક" ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, "બેમાંથી એક સીટ પણ મળી હોત તો પણ સારું લાગત." આ પરિણામોની નિષ્ફળતાની જવાબદારી સ્વીકારીને તેમણે રાજીનામું આપ્યું. તેમણે પૂર્વ અને નવા નિમાયેલા જિલ્લા પ્રમુખોને શુભેચ્છાઓ પાઠવી હતી. ભવિષ્યની રણનીતિ અંગે તેમણે જણાવ્યું કે, "ત્રણ મહિને જિલ્લા પ્રમુખોની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. જે બાદ કાર્યકરોને ફરી પૂછવામાં આવશે." શક્તિસિંહ ગોહિલે સ્પષ્ટ કર્યું કે તેઓ કોંગ્રેસના એક સામાન્ય સિપાહી તરીકે હંમેશા કામ કરતા રહેશે. "પાર્ટી કાર્યકર્તામાંથી નેતા બનાવતી હોય છે, હવે કાર્યકર્તા તરીકે પણ કામ કરતો રહીશ. મેં બેવડા ધોરણો સાથે રાજનીતિ કરી નથી," તેમ કહી તેમણે પોતાના રાજકીય સિદ્ધાંતોને ફરી એકવાર દોહરાવ્યા હતા.

### ભવ્ય જીત બાદ ગોપાલ ઈટાલિયાનો હુંકાર

# આજે એક ઐતિહાસિક દિવસ છે, ગુજરાતની જનતા માટે સુવર્ણ દિવસ છે

## ગોપાલ ઇટાલિયાએ જીત માટે માત્રને માત્ર જનતા જ જવાબદાર હોવાથી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો

જૂનાગઢ, તા.૨૩

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીમાં શાનદાર જીત બાદ ગોપાલ ઈટાલિયાએ પત્રકાર પરિષદ સંબોધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, આજે એક ઐતિહાસિક દિવસ છે, ગુજરાતની જનતા માટે સુવર્ણ દિવસ છે. ગુજરાતની જનતા છેલ્લા ૩૦ વર્ષથી જે દિવસની જે ક્ષણની રાહ જોતી હતી તે ક્ષણ આજે આવી છે. આજે ચૂંટણીનું પરિણામ આવ્યું છે. આ પરિણામમાં વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢ ગ્રામ્ય મતવિસ્તારની જનતાની જંગી બહુમતીથી થઈ છે. આ જીત બદલ વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢ ગ્રામ્યના સૌ ખેડૂતો, વેપારીઓ માલધારીઓ, રત્નકલાકાઓ, ખેતમજૂરો અને આ પંથકની સામાન્ય જનતાનો બે હાથ જોડી હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છે. આજથી ગુજરાતમાં ક્રાંતિના બીજ રોપાઇ ચૂક્યા છે. તેની અંદર ભગવાને પણ વરસાદરૂપી આશીર્વાદ આપ્યા છે.' ગોપાલ ઈટાલિયાએ જીત માટે માત્રને માત્ર જનતા જ જવાબદાર હોવાથી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, તમે મને જીતાડીને વિધાનસભા મોકલ્યો છે. હું તમને નિરાશ નહી કરું. જનતાની સુખાકારીમાં વધારો થાય તેવા મારા પ્રયાસો રહેશે. હું જનતાનો આદર્શ અને સાચા અર્થમાં સુખ દુખમાં સાથે રહેનારો નેતા બનીશ. વધુમાં તેમણે કહ્યું કે, આ લડાઈ એકતરફ સત્તા, પૈસા, દારૂ, ગુંડા અને અહંકાર સામે હતી, તો બીજી તરફ આમ તરફ આમ જનતાની આશા અને વિશ્વાસ હતો. એક તરફ સત્તાનું અભિમાન હતું અને બીજી તરફ હું જે ગામડે ગામડે ગયો જ્યાં દીકરીઓના કુમળા હાથે લીધેલા દુઃખણાનો વિજય થયો છે. મારી માતાઓએ આપેલા આશીર્વાદનો વિજય થયો છે. અમારા ખેડૂ માવતરોએ આપેલા આશીર્વાદનો વિજય થયો છે.' વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાની ભવ્ય જીત થઈ છે. વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાનો ૧૭ હજાર ૫૮૧ મતથી વિજય થયો છે. વિસાવદરમાં ૨૧ રાઉન્ડના અંતે છઁને ૭૫,૯૦૬ મત મળ્યા છે. જ્યારે ૨૧ રાઉન્ડના અંતે ભાજપને ૫૮,૩૨૫ મત મળ્યા છે, તો બીજી તરફ વિસાવદરમાં ૨૧ રાઉન્ડના અંતે કોંગ્રેસને ૫,૪૯૧ મત મળ્યા છે. વિસાવદરમાં AAPના ગોપાલ ઈટાલિયાની પ્રચંડ જીતથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિસાવદરમાં એકલા ઈટાલિયાને ૫૧ ટકાથી વધુ મત મળ્યા છે.આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાનો ૧૭,૫૮૧ મતથી વિજય થતાની સાથે જ આપની છાવણીમાં ખુશી પ્રસરી ગઈ હતી. વરસતા વરસાદમાં વિજય ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહ્યા છે. વિસાવદર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીની જીત સાથે જ ભાજપમાં સોપો પડી ગયો હતો.

### કેરળની એક બેઠક પર કોંગ્રેસનો વિજય

# પશ્ચિમ બંગાળની કાલીગંજ બેઠક પર ટીએમસીની જીત

નવી દિલ્હી, તા.૨૩

દેશમાં ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીના આજે પરિણામો આવી ગયા છે. આ પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ઉમદા દેખાવ કર્યો છે. AAP એ બે બેઠકોમાં જીત મેળવી છે. જ્યારે ભાજપને નિરાશા હાથ લાગી છે. પેટાચૂંટણીમાં ભાજપ માત્ર એક જ બેઠક પર પોતાના નામ કરી શકી છે. કેરળની એક બેઠક પર કોંગ્રેસે, પશ્ચિમ બંગાળમાં ટીએમસીએ બેઠક પર કબજો કર્યો હતો. ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપે માત્ર ગુજરાતમાં જ જીત મેળવી છે. ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં બે વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાંથી માત્ર કડીની બેઠક પર ભાજપે જીત મેળવી છે. જ્યારે વિસાવદરમાં આપનું ઝાડુ ચાલ્યું છે. મહેસાણા જિલ્લાની કડી બેઠક પર ભાજપના રાજેન્દ્ર ચાવડાએ ૩૯૪૫૨ મત સાથે જીત મેળવી હતી. જ્યારે વિસાવદરમાં ૧૭૫૫૪ મત સાથે ભાજપના કિરીટ પટેલને હરાવી ગોપાલ ઈટાલિયાએ વર્ચસ્વ જમાવ્યું હતું. ફેબ્રુઆરીમાં ભાજપ ધારાસભ્ય કરસન સોલંકીના નિધન બાદ કડીની ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી.

કેરળના નીલાંબુર વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાં UDF ઉમેદવાર અને કોંગ્રેસ નેતા આર્યદાન શૌકતે જીત હાંસલ કરી હતી. તેમણે CPI (M)ના એમ. સ્વરાજને ૧૧૦૭૭ મતથી હરાવ્યા હતાં. કોંગ્રેસે આ બેઠક પર યોજાનારી પેટા ચૂંટણીને ૨૦૨૬માં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલાની સેમિફાઈનલ ગણી હતી. લુધિયાણા પશ્ચિમ બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગુરપ્રિત બસ્સી ગોગીના નિધન બાદ ખાલી પડેલી બેઠક પર આજે ફરી આમ આદમી પાર્ટીએ પોતાનો ઝંડો લહેરાવ્યો હતો. AAPના સંજીવ અરોરાએ આ બેઠક પર જીત હાંસલ કરી હતી. તેમણે કોંગ્રેસના ભારત ભૂષણને ૧૦૬૩૭ મતથી હરાવ્યા હતા. પશ્ચિમ બંગાળની કાલીગંજ વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા તૃણમુલ કોંગ્રેસના આલિફા અહમદે ૫૦,૦૪૯ મત સાથે ભાજપના આશિષ ઘોષને હરાવ્યા હતાં. આ બેઠક પર ચૂંટણી અભિયાનમાં ઓળખાણનું રાજકારણ, મુર્શિદાબાદમાં રમખાણોનો ભય અને ઓપરેશન સિંદૂરનો મુદ્દો ફોકસમાં રહ્યો હતો.

### ૧૧ રાજ્યોની પોલીસ શોધતી હતી

# અમદાવાદ થયેલ પ્લેન ક્રેશની જવાબદારી લેનારની ધરપકડ

## ચેન્નઈની રહેવાસી રેની જોસિલ્ડા નામની આ યુવતીએ અમદાવાદને કુલ ૨૧ ધમકીભર્યા મેઈલ મોકલ્યા હતા

ચેન્નઈ, તા.૨૩

ગુજરાત અને દેશના ૧૧ રાજ્યોને બોમ્બ બ્લાસ્ટની ધમકીના મેઈલ મોકલીને આતંક મચાવનારી એક રહસ્યમય યુવતીની આખરે ધરપકડ કરાઈ છે. ચેન્નઈની રહેવાસી અને રોબોટિક્સની ડિગ્રી ધરાવતી રેની જોસિલ્ડા નામની આ યુવતીએ અમદાવાદ શહેરને કુલ ૨૧ ધમકીભર્યા મેઈલ મોકલ્યા હતા. જોકે, એક નાનકડી ભૂલ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સાયબર ક્રાઈમની છ મહિનાની સઘન મહેનત બાદ આ યુવતી પોલીસના હાથે ચેન્નઈમાંથી ઝડપાઈ છે. રેની જોસિલ્ડાએ દેશના વિવિધ ૧૧ રાજ્યોમાં શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, અને પબ્લિક સ્ટેડિયમમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ ઈમેઈલથી આપી હતી.આરોપી રેની જોસિલ્ડાએ છેલ્લે મેઈલ સિવિલ હોસ્પિટલને કર્યો હતો, જેમાં તેણે અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશની જવાબદારી લીધી હતી. આ મેઈલ બાદ પોલીસ વધુ સક્રિય બની અને તપાસનો ધમધમાટ તેજ બન્યો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને અમદાવાદ સાયબર ક્રાઈમની સંયુક્ત ટીમે છ મહિના સુધી દિવસ-રાત એક કરીને આ યુવતીને શોધી કાઢી.

પોલીસ તપાસમાં રેની જોસિલ્ડાના આ કૃત્ય પાછળનું ચોંકાવનારું કારણ સામે આવ્યું છે. રેની એક યુવકના એકતરફી પ્રેમમાં પાગલ હતી. તે યુવકે રેની સાથે લગ્ન કરવાની ના પાડી હતી અને બાદમાં અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. આ યુવક પ્રત્યેની ધિક્કાર અને બદલો લેવાની ભાવનાથી પ્રેરાઈને રેનીએ આ ભયાવહ કાવતરું રચ્યું હતું.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રેનીએ તેના પ્રેમીને ફસાવવા માટે પાકિસ્તાનનું વેબ આઈડી બનાવ્યું હતું. આ ઉપરાંત, તેણે દિવિશ પ્રભાકર, અંજની કુમાર જેવા અલગ-અલગ નામોથી જીમેઈલ એકાઉન્ટ પણ બનાવ્યા હતા. આ બનાવટી એકાઉન્ટ્સનો ઉપયોગ કરીને તે ધમકીભર્યા મેઈલ મોકલતી હતી.રેનીનો ગુનાહિત ઈતિહાસ આશ્ચર્યજનક છે. વર્ષ ૨૦૨૧-૨૨માં પણ તેણે મિત્રોના વર્ચ્યુઅલ નંબર મેળવીને ફેક ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ એકાઉન્ટ બનાવ્યા હતા. આ એકાઉન્ટ્સ દ્વારા તે મિત્રોને મજાક કરીને પરેશાન કરતી હતી. એટલું જ નહીં, વર્ષ ૨૦૧૯માં પણ તેની સામે ફેક એકાઉન્ટથી લોકોને હેરાન કરવા બદલ અરજી થઈ હતી.રેની જોસિલ્ડાએ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ ભારતના ૧૧ જુદા જુદા રાજ્યોમાં પણ ધમકીભર્યા મેઈલ કર્યા હતા. પોતાની ઓળખ છુપાવવા માટે તેણે ડાર્ક વેબ, પ્રોટોન મેઈલ અને ટોર બ્રાઉઝર જેવા અત્યાધુનિક પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો. ૧૧ રાજ્યોની પોલીસ તેની પાછળ હતી, પરંતુ આખરે ગુજરાત પોલીસને તેને ઝડપી પાડવામાં સફળતા મળી.રેની એક ટેકનોક્રેટ હોવા છતાં અને પુરાવાઓ ડિલીટ કરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, ગુજરાત પોલીસે તેની સામે ઘણા ઠોસ પુરાવા એકઠા કર્યા છે. ચેન્નઈથી તેની ધરપકડ કરાયા બાદ પોલીસે તેના રિમાન્ડ મેળવ્યા છે. યુવતીએ પોતાનો ગુનો સ્વીકારી લીધો છે અને હવે તેની સાથે આ કાવતરામાં અન્ય કોણ-કોણ સામેલ છે તે દિશામાં તપાસ ચાલી રહી છે. હાલ તેના મોબાઈલ ફોનનું પણ એનાલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે.

### AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું

# વર્ષ ૨૦૨૭માં આમ આદમી પાર્ટી ગુજરાતમાં રાજકીય તોફાન લાવશે

## લોકોએ તેમને વિસાવદરમાં બમણા માર્જિનથી જીતાડ્યા છે, તો તે દર્શાવે છે કે, લોકોએ કેટલું દુઃખ સહન કર્યું છે

નવી દિલ્હી, તા.૨૩

દેશમાં વિધાનસભાની પેટાચૂંટણીના પરિણામો આવ્યા છે. આમ આદમી પાર્ટી આમાંથી ૨ બેઠકો પર વિજયથી ખૂબ જ ખુશ છે. આમ આદમી પાર્ટીએ પંજાબમાં લુધિયાણા પશ્ચિમ અને ગુજરાતમાં વિસાવદર બેઠક જીતી છે. આ અંગે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, પંજાબના લોકોએ AAPના કામ મહોર મારી છે. કેજરીવાલે કહ્યું કે, ગુજરાતમાં શાસક પક્ષ ભાજપ છે. ભાજપ જે રીતે સામ-દામ-દંડ-ભેગનો ઉપયોગ કરીને ચૂંટણી લડે છે, તે ગુજરાતમાં તેમની પાસેથી જીતવું મુશ્કેલ છે. જો લોકોએ તેમને વિસાવદરમાં બમણા માર્જિનથી જીતાડ્યા છે, તો તે દર્શાવે છે કે, લોકોએ કેટલું દુઃખ સહન કર્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, AAP ગુજરાતમાં લોકો માટે આશાનું કિરણ છે. ૨૦૨૨માં ગુજરાતમાં કોંગ્રેસને ૧૭ અને આપને ૫ બેઠકો મળી હતી. કોંગ્રેસના પાંચ ધારાસભ્યો ભાજપમાં ગયા છે. કોંગ્રેસ આ પાંચેય બેઠકો પર હારી ગઈ હતી, પરંતુ અમારા એક ધારાસભ્ય ભાજપમાં ગયા, પરંતુ અમે ફરીથી ભાજપ પાસેથી તે બેઠક છીનવી લીધી છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, કોંગ્રેસ હવે ભાજપની કઠપૂતળી બની ગઈ છે. દિલ્હીમાં, અમે જોયું કે, કોંગ્રેસે ભાજપને કેવી રીતે મદદ કરી હતી. કોંગ્રેસે વિસાવદરમાં પણ ભાજપને ટેકો આપ્યો હતો. કેજરીવાલે કહ્યું કે, આજે હું કોંગ્રેસના સામાન્ય કાર્યકરને કહેવા માંગુ છું કે, તેઓ ભાજપને ક્યારેય હરાવી શકશે નહીં.પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાની કાલીગંજ વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં, શાસક તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર અલીફા અહેમદે તેમના નજીકના હરીફ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ઉમેદવાર આશિષ ઘોષને ૫૦,૦૪૯ મતોના માર્જિનથી હરાવ્યા છે. આ માહિતી સોમવારે ચૂંટણી પંચની વેબસાઈટ પર ગણતરીના ડેટા પરથી પ્રાપ્ત થઈ છે. અલીફા અહેમદે ૨૦૨૧માં તેમના પિતા નસીરુદ્દીન અહેમદના વિજય માર્જિનમાં સુધારો કર્યો હતો, જેમની બેઠક આ વર્ષે ફેબ્રુઆરીમાં તેમના મૃત્યુને કારણે ખાલી પડી હતી. ચૂંટણી પંચની વેબસાઈટ પર જાહેર કરાયેલા ડેટા અનુસાર, ગણતરીના અંતિમ રાઉન્ડ પછી, અલીફાને ૧,૦૨,૭૫૯ મત મળ્યા, જ્યારે ઘોષને ૫૨,૭૧૦ મત મળ્યા હતા.

# બીજેપીની સામ-દામ દંડ ભેદની નીતિ કામ ન આવી

વિસાવદર, તા.૨૩

આજે રાજયની બે વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કડીમાં બીજેપીની જીત થઈ છે જ્યારે વિસાવગર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાની જીત થઈ છે. ગોપાલ ઈટાલીયાની જીત બાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પ્રતિક્રીયા આપી છે.

વિસાવદર પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની નિશ્ચિત જીત ઉપર આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવીએ પ્રતિક્રિયા આપી છે.

તેમણે કહ્યું કે, વિસાવદરની જનતાનો ખુબ ખુબ આભાર. વિસાવદરની જનતાએ આખા ગુજરાતને સંદેશ આપ્યો છે. ભાજપને જો કોઈ હરાવી શકે એમ હોય તો તે આમ આદમી પાર્ટી છે. આ પેટા ચૂંટણી એક યુદ્ધ હતું. ભાજપની સામ-દામ દંડ ભેદની કોઈપણ નીતિ કામ ન આવી. ગોપાલ ઈટાલીયા સહિત આ તમામ યુવા શક્તિની જીત છે છે. અમે અમારી સીટ પાછી જીતી છે. તમામ કાર્યકર્તાઓ અને શીર્ષ નેતૃત્વની મહેનતનું આ પરિણામ છે.

વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાનું વિધાનસભા પહોંચવાનું નિશ્ચિત છે. વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાનો ૧૭ હજાર ૫૮૧ મતથી વિજય થયો છે. વિસાવદરમાં ૨૧ રાઉન્ડના અંતે AAPને ૭૫,૯૦૬ મત મળ્યા છે. જ્યારે ૨૧ રાઉન્ડના અંતે ભાજપને ૫૮,૩૨૫ મત મળ્યા છે, તો બીજી તરફ વિસાવદરમાં ૨૧ રાઉન્ડના અંતે કોંગ્રેસને ૫,૪૯૧ મત મળ્યા છે. વિસાવદરમાં AAPના ગોપાલ ઈટાલિયાની પ્રચંડ જીતથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિસાવદરમાં એકલા ઈટાલિયાને ૫૧ ટકાથી વધુ મત મળ્યા છે.

# કુરૂક્ષેત્રનાં મેદાનમાં અર્જુનનો અભિમન્યુ કૌરવોનાં ચક્રવ્યુહમાં ફસાયો અને

# વિસાવદરમાં ''આપ''નો અર્જુન કમળનાં ચક્રવ્યુહમાંથી બહાર નીકળી ગયો

**છેલ્લા ૧૩ વર્ષથી વિસાવદરમાં વનવાસ ભોગવતાં ભાજપનો અઢી વર્ષનો વનવાસ લંબાયો**

**''આપ''નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ ૫૦ ટકા કરતાં પણ વધારે મતો મેળવી ઈતિહાસ સર્જી દીધો**

**હરિફ તમામ ઉમેદવારો અને નોટાનાં ભેગા થાય તેનાથી વધારે મત ''આપ''ને**

**સત્તા, સંપત્તિનાં આધારે ચૂંટણી લડીને જીતી શકાય તે બાબત ખોટી સાબિત થઈ**



અમરેલી, તા. ૨૩

જુનાગઢ જિલ્લાની વિસાવદર–ભેંસાણ વિધાનસભા વિસ્તારનીરસાકસીભરીચૂંટણીમાંઆમ આદમી પાર્ટીનાં યુવા અને તોખીલા ઉમેદવાર ગોપાલ ઈટાલીયાનો ઐતિહાસિક વિજય થતાં ગુજરાતનાં રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે.

મહાભારતમાં કુરૂક્ષેત્રનાં મેદાનમાં કૌરવોએ રચેલ ચક્રવ્યુહમાં અર્જુનપુત્રઅભિમન્યુખરોફસાયોપરંતુ ભાજપનાં વિસાવદરનાં ચૂંટણીજંગમાં કમળનાં ચક્રવ્યુહમાં ફસાયેલ અરવિંદ (કેજરીવાલ)નોઅર્જુન (ગોપાલ) સાંગો પાંગ બહાર આવી જતાં રાજયભરનાં યુવાનો અને ''આપ''નાં દેશભરનાં કાર્યકરોઅનેવિધાનસભાનાંમતદારોમાં ખૂશીનોમાહોલછવાયોછે.

વિસાવદરની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની જીત થઈ છે.તેમની જીત ભાજપ માટે મોટો ફટકો અને ગુજરાતના રાજકારણમાં મોટી હલચલ મચાવનારી માનવામાં આવી રહી છે. વિસાવદરમાં ગોપાલ ઈટાલિયા, ભાજપના કિરીટ પટેલ અને કોંગ્રેસના નીતિન રાણપરિયા વચ્ચે કાંટાની ટક્કર હતી. મતગણતરીના ૨૧ રાઉન્ડ પછી ગોપાલ ઈટાલિયાએ ભાજપના કિરીટ પટેલને ૧૭,૫૫૪ મતથી

અનુસંધાન પાના ૬ ઉપર




## જીએડી વિભાગ દ્વારા બદલી કરવામાં આવી

## અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાની પંચમહાલ ખાતે બદલી થઈ

### અમરેલીનાં જિલ્લા કલેકટર તરીકે વિકલ્પ ભારદ્વાજ





અમરેલી, તા. ૨૩

ગ્રામપંચાયતનીચૂંટણીમાટે ગઈકાલે મતદાન સંપન્ન થયેલ છે. અને આગામીતા.૨૫નારોજમતગણતરીહાથ ધરવામાં આવશે. ત્યારે આજે સાંજે અમરેલીના કલેકટર અજય દહિયાની પંચમહાલ ખાતે બદલી થવા પામેલ છે. ત્યારે તેમનાં સ્થાને જામનગર જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પભારદ્વાજનેઅમરેલીનવાંકલેકટર તરીકે બઢતી આપવામાં આવેલ છે.

અજય દહિયા ગત તા. ૩ એપ્રિલ ૨૩ ના રોજ અમરેલીના કલેકટરના તરીકે નિમણુંક પામ્યા હતાં. તેઓએ અમરેલીના કલેકટર તરીકે સવા બે વર્ષ દરમિયાન તેઓની વહીવટી કુશળતાના કારણે અનેક જટિલ પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવ્યા હતાં. તેઓની શ્રેષ્ઠ કામગીરીના કારણે લોકોમાં પણ તેઓએ એક સારા અધિકારી તરીકે છાપ ઉભી કરી હતી.

## શ્રી ઘેલા સોમનાથને મહાકાલદાદાનો શૃંગાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

જસદણ ખાતેના સુપ્રસિધ્ધ તીર્થધામ ઘેલા સોમનાથ મહાદેવને અનુપમ અને દિવ્ય મહાકાળનો શણગાર કરાયો. મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી. શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિર મહાકાલ દાદાનાં શૃંગાર કરવામાં આવ્યો છે. ઘેલા સોમનાથદાદાનાં પૂજારી હસુભાઈ જોષી ધ્વારા આ દિવ્ય શણગાર કરવામાં આવ્યો છે. આજે માસિક શિવરાત્રી પ્રદોષ પૂજા તેમજ સોમવાર ત્રિવેણી સંગમ આજ થયો હોવાથી શણગાર કરવામાં હોવાનું પૂજારી ધ્વારા જણાવ્યું હતું.







ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)

ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)